RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૩ ● અંક: ૩૫૪ ● તારીખ: ૩૧-૦૩-૨૦૨૫,સોમવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# ગુજરાત સહિત દેશભરમાં બનેલી ૧૦૩ દવાઓના સેમ્પલ ફેલ



સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) અને સ્ટેટ ડ્રગ ઓથોરિટીની તપાસમાં દેશભરમાં બનેલી ૧૦૩ દવાઓના સેમ્પલ ફેલ થયા છે. આ સેમ્પલોમાં ઉધરસ, શરદી, એલર્જી, દર્દ નિવારણ, વિટામિન તેમજ હૃદયરોગમાં પ્રયોગ થતી દવાઓના સેમ્પલોનો સમાવેશ થાય છે. સૌથી વધુ હિમાચલ પ્રદેશમાં બનેલી ૩૮ દવાઓ ખરાબ હોવાનું સામે આવ્યું છે.દેશભરમાં દવા ગુણવત્તાની તપાસ કરાયા બાદ સૌથી વધુ હિમાચલ પ્રદેશમાં બનેલી ૩૮ દવાઓના સેમ્પલો ફેલ થયા છે. ત્યારબાદ ઉત્તરાખંડમાં ૧૧, ગુજરાત અને પંજાબમાં ૯-૯ દવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, તેલંગાણા, આસામ, તમિલનાડુના ઉદ્યોગોમાં બનેલી દવાઓના સેમ્પલ પણ ફેલ થયા છે. સીડી એસ સીઓના જણાવ્યા મુજબ દેશભરમાંથી ૪૭ દવાઓના સેમ્પલ ફેલ હોવાનું સામે આવ્યું છે, જ્યારે રાજ્ય ડ્રગ ઓથોરિટીની તપાસમાં દેશભરની ૫૬ દવાઓના ગુણવત્તા યોગ્ય મળી આવી નથી. નીચલી ગુણવત્તાની દવાઓ મળી આવ્યા બાદ CDSCOઓએ તમામ રાજ્યોના ડ્રગ કન્ટ્રોલરને યાદી જાહેર કરી છે અને જ્યાંથી દવાઓ ફેલ થઈ છે, તેમની સામે કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.દવાઓની ટેસ્ટિંગ દરમિયાન મોટાભાગની દવાઓમાં ધૂળના કણો મળી આવ્યા છે. આ ઉપરાંત મિસ બ્રાન્ડેડ એટલે કે લેવલમાં પણ ભૂલો જોવા મળી છે. જે મુજબ દવાઓ પર માત્રા લખાઈ છે, તેટલી માત્રા પણ દવામાં ન હોવાનું સામે આવ્યું છે. તેમજ કેટલીક નકલી દવાઓ હોવાનો પણ ખુલાસો થયો છે. તપાસમાં હૃદય રોગ અને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરતી Telma H 40 mg દવા નકલી હોવાનું સામે આવ્યું છે. આ દવા પર ઉલ્લેખિત ઉદ્યોગની પૂછપરછ કરાતા તેઓએ બેચ અજાણી હોવાનું કહ્યું છે.CDSCOએ દવાના ધોરણો ચકાસતા હિમાચલ પ્રદેશની ૨૧, ઉત્તરાખંડની ૧૦, ઓડિશાની એક, ગુજરાતની સાત, મધ્ય પ્રદેશની એક, પંજાબની બે, કર્ણાટકની એક, બંગાળની બે, ઉત્તર પ્રદેશની એક, તેલંગણાની એક દવાનું સેમ્પલ ફેલ હોવાનો ખુલાસો થયો છે. જ્યારે રાજ્ય ડ્રગ ઓથોરિટીએ દવાના ધોરણોની તપાસ કરતા હિમાચલ પ્રદેશની ૧૭, પંજાબ અને કેરળની સાત-સાત, મધ્ય પ્રદેશની છ, પુડુચેરી અને તમિલનાડુની ચાર-ચાર, તેલંગણાની ત્રણ, ગુજરાતની બે અને હરિયાણા, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, આસામ, બંગાળ, કર્ણાટકની એક-એક દવાના સેમ્પલ ફેલ થયા છે.

**ક્યા રાજ્યોમાં કેટલી દવાના સેમ્પલ થયા ફેલ**

| | |
|---|---|
| હિમાચલ પ્રદેશની ૩૮ | બંગાળની ૩ |
| ઉત્તરાખંડની ૧૧ | કર્ણાટકની ૨ |
| ગુજરાતની ૯ | ઓડિશાની ૧ |
| પંજાબની ૯ | ઉત્તર પ્રદેશની ૧ |
| મધ્ય પ્રદેશની ૭ | હરિયાણા ૧ |
| કેરળ ૭ | મહારાષ્ટ્ર ૧ |
| તેલંગણાની ૪ | આસામ ૧ |
| પુડુચેરી ૪ | CDSCOની તપાસમાં ૪૭ |
| તમિલનાડુ ૪ | દવાના સેમ્પલ ફેલ |

## ચૈત્ર માસમાં લીમડાના મોરનું સેવન કરો:આયુર્વેદ ડૉક્ટરની સલાહ, ૭ દિવસ સુધી સેવન કરવાથી શરીર રહેશે નિરોગી, કફ-પિત્તથી મુક્તિ મળશે

આદિકાળથી ઋષિમુનિઓએ લીમડાને વિશેષ ઔષધિય મહત્વ આપ્યું છે. વેદકાળથી આરોગ્ય માટે ગુણકારી માનવામાં આવતો કડવો લીમડો આજે પણ એટલો જ મહત્વપૂર્ણ છે. વસંત ઋતુમાં લીમડાના વૃક્ષ પર કુમળા પાન અને મહોરના ફૂલ ખીલી ઊઠે છે. સરકારી આયુર્વેદિક હોસ્પિટલના ડૉક્ટર ભાર્ગવ ઠક્કરના જણાવ્યાં અનુસાર, વસંત ઋતુ કફ પ્રકોપનો કાળ છે. આ સમયે કફ અને પિત્તનો પ્રકોપ શરીરમાં અનેક રોગોને આમંત્રણ આપે છે.ચૈત્ર માસમાં સાત દિવસ સુધી લીમડાના મોરનું સેવન કરવાથી શરીર નિરોગી અને તંદુરસ્ત રહે છે. લીમડાના મોરના રસનું સેવન કરવાથી શરીરને ઠંડક મળે છે. આ ઉપરાંત પિત્ત, વાયુ, કફ, શરદી અને મેલેરિયા જેવા રોગો સામે રક્ષણ મળે છે.લીમડાના કોમળ પાનને પાણીમાં નાખીને સ્નાન કરવાથી ચામડીના રોગો સામે રક્ષણ મળે છે. લોકો વહેલી સવારે મોરના રસનું સેવન કરી શરીરને નિરોગી બનાવે છે. લીમડો માત્ર ઔષધિ તરીકે જ નહી, પરંતુ ઉનાળામાં ગરમીથી બચવા માટે શીતળ છાંયડો પણ પૂરો પાડે છે.હાલમાં પાટણ શહેરના વિવિધ વિસ્તારોમાં લીમડાના વૃક્ષો પર મોરના ફૂલોનો ફાગ ખીલેલો જોવા મળી રહ્યો છે. આયુર્વેદની કહેવત છે કે મીઠું એટલુ ઝેર અને કડવું એટલુ ગુણકારી. લીમડો જેટલો કડવો છે તેટલો જ આરોગ્ય માટે લાભદાયી છે.



## ઓડિશામાં ટ્રેન દુર્ઘટના, કામાખ્યા એક્સપ્રેસના ૧૧ ડબ્બા પાટા પરથી ઊતર્યાઃ એકનું મોત

ઓડિશાના કટકના નિર્ગુંડી પાસે ટ્રેન દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. ટ્રેન નંબર ૧૨૫૫૧ કામાખ્યા એક્સપ્રેસની ૧૧ ડબ્બાં પાટા પરથી નીચે ઉતરી ગયા છે. કટક સ્ટેશન છોડયા બાદ મંગોલી સ્ટેશન પાસે કામાખ્યા એક્સપ્રેસ સાથે દુર્ઘટના થઈ અને ડબ્બા પાટા નીચે ઉતરી ગયા હતાં. મળતી માહિતી મુજબ, B9 થી B14 સુધી ડબ્બા પાટા પરથી નીચે ઉતરી ગયા છે. જોકે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. પૂર્વ કોસ્ટ રેલ્વે મેનેજર, ખુર્દા ડીઆરએમ ઘટનાસ્થળે પહોંચ્યા અને કહ્યું કે, હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવ્યા છે. અત્યાર સુધી ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે જ્યારે એકનું મોત નીપજયું છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.રેલવે અધિકારીએ જાણકારી આપી છે કે, અકસ્માત બાદ તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.



## PM મોદીની મુલાકાત પહેલાં ૫૦ નક્સલીઓનું સરન્ડર, છેલ્લા ૩ મહિનામાં ૧૧૬નું એન્કાઉન્ટર



છત્તીસગઢમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતના થોડા કલાક પહેલાં જ બીજાપુર જિલ્લામાં ૫૦ નક્સલવાદીઓએ સરન્ડર કર્યું છે. જેમાં ૧૪ પર કુલ રૂ. ૬૮ લાખનું ઈનામ હતું. સીઆરપીએફ દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી હતી. નક્સલવાદીઓએ છત્તીસગઢ પોલીસ અને સીઆરપીએફના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ હથિયાર ફેંકી સરન્ડર કર્યું હતું.મીડિયા રિપોર્ટ અનુસાર સરન્ડર કરનારા ૫૦ લોકોમાંથી છ પર આઠ-આઠ લાખનું ઈનામ હતું. જ્યારે અન્ય ત્રણ પર પાંચ-પાંચ લાખ અને અન્ય પાંચ નક્સલીઓ પર એક-એક લાખ રૂપિયાનું ઈનામ સુરક્ષા કર્મીઓએ જાહેર કર્યું હતું.સરન્ડર કરનારા નક્સલીઓએ પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી)ના વરિષ્ઠ કાર્યકરો દ્વારા પોકળ અને અમાનવીય માઓવાદી વિચારધારા, આદિવાસીઓનું શોષણ અને ચળવળમાં વધતા જતા મતભેદોને ટાંકીને સરન્ડર કર્યું હોવાનું જણાવ્યું છે.

## માઉન્ટ આબુના જંગલોમાં ભીષણ આગ, ૧૦૦ હેક્ટર વિસ્તાર આગની ઝપેટમાં, એરફોર્સ-વન વિભાગની ટીમ લાગી કામે

ગરમીની શરૂઆત સાથે જ આગ લાગવાની ઘટનાઓ શરૂ થઈ ગઈ છે. રાજસ્થાનના માઉન્ટ આબુના જંગલોમાં ભીષણ આગ લાગી છે. જેના પર ૨૫ કલાક બાદ પણ કાબૂ મેળવી શકાયો નથી. હાલ વન વિભાગ અને એરફોર્સ સહિતની ટીમો કામે લાગેલી છે. બીજી તરફ ગુજરાતમાં ભાવનગર જિલ્લાના પાલિતાણામાં હસ્તગિરી ડુંગર પર પણ વિકરાળ આગ લાગી હતી. તો આ સિવાય અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા વિસ્તારમાં આવેલા ઢેકૂડી ગામ નજીક જંગલમાં ભીષણ આગ લાગી હતી.

રાજસ્થાનના સિરોહી જિલ્લામાં શનિવાર બપોરે અંદાજિત ૨ વાગ્યે માઉન્ટ આબૂના છીપાવેરી નજીક ગાઢ જંગલમાં આગ લાગવાની



માહિતી મળતા વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ શરૂ કર્યા હતા. જણાવી દઈએ કે, ૧૦૦ હેક્ટર વિસ્તાર આગની ઝપેટમાં આવ્યો છે. માઉન્ટ આબુના જંગલોમાં ૮૦૦થી વધુ પ્રજાતિના ઔષધીય છોડ, ૨૫૦ પ્રજાતિના પક્ષીઓ, દીપડા અને ૩૦૦ જેટલા રીંછ સહિત વિવિધ પ્રકારના જંગલી પ્રાણીઓનું ઘર છે.આગ પર કાબૂ મેળવવામાં સૌથી મોટી મુશ્કેલી ભારે પવન હતો. હવાના કારણે આગ ઝડપથી ફેલાઈ રહી હતી, જેનાથી વન વિભાગના પ્રયાસોને સફળતા નહોતી મળી રહી. જેના કારણે આગ ધીરે-ધીરએ વધતી ગઈ અને રાત થતા-થતા તેણે વિકરાળ રૂપ લઈ લીધું. આગે જંગલના એક મોટા ભાગમાં વન સંપદાને ભારે નુકસાન પહોંચાડયું છે. એરફોર્સના જવાન અને એર સ્ટેશનથી ફાયર બ્રિગેડ પણ ત્યાં પહોંચી અને મહામહેનત બાદ રોડ સુધી પહોંચી ચૂકેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. આ રેસ્ક્યૂ મિશનમાં રોડની પાસે લાગેલી આગ પર તો કાબૂ મેળવી લેવાયો, પરંતુ જંગલમાં લાગેલી આગ પર કાબૂ મેળવવો મુશ્કેલ હતો. આખી રાત વન વિભાગના ૨૦ કર્મચારીઓ અને ૬૦ થી વધુ શ્રમિકો જંગલમાં લાગેલી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ કરતા રહ્યા.

## પોરબંદર: માધવપુરનો મેળો ૬ એપ્રિલથી થશે શરૂ

ગુજરાતના પોરબંદર નજીક માધવપુર ઘેડનો મેળો યોજાય છે. દર વર્ષે ચૈત્ર મહિનામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે આગામી ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન ઘેડના મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના દરિયા કિનારે પોરબંદર જિલ્લામાં યોજાવનારા માધવપુર મેળામાં ઉત્તર પૂર્વ તથા ગુજરાતના લોક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે. જેમાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીની લગ્નકથા, ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીનો પ્રેમ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો નીહાળવા મળશે. આ સાથે મેળામાં ગુજરાત સહિત ઉત્તર પૂર્વના રાજ્યોના હસ્તકલાના કારીગરોને સ્ટોલ આપીને ઉદ્યોગ સાહસિક બનાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવશે.

## વિવાદ બાદ મોહનલાલે માફી માંગી, ફિલ્મમાંથી ગુજરાત રમખાણોની થીમના સીન હટાવાશે

સાઉથ સિનેમાના સુપરસ્ટાર મોહનલાલની ફિલ્મ L2 Empuraan ને લઈને મોટો વિવાદ ચાલી રહ્યો છે. એવામાં હવે મોહનલાલે ફેન્સથી માફી માંગી છે. મોહનલાલે ફેસબુક પર પોસ્ટ કરીને કહ્યું છે, કે તમને પીડા થઈ તે બદલ હું ખેદ વ્યક્ત કરું છું. સાથે જ મોહનાલાલે એમ પણ આશ્વાસન આપ્યું છે કે ફિલ્મમાંથી ગુજરાત રમખાણોના સંદર્ભ દર્શાવિતા સીન હટાવી દેવામાં આવશે. મોહનલાલે કહ્યું છે, કે ‘એમ્પુરાન ફિલ્મના કારણે રાજકીય અને સામાજિક વિષય ઊભા થયા જેના કારણે મારા પ્રેમીઓ નિરાશ થયા છે. એક કલાકાર તરીકે મારી જવાબદારી છે કે મારી કોઈ ફિલ્મના કારણે કોઈ રાજકીય આંદોલન કે ધર્મ વિરુદ્ધ નફરત ફેલાવવામાં આવે નહીં. હું અને એમ્પુરાન ફિલ્મની ટીમ ફેન્સની પીડા માટે ખેદ વ્યક્ત કરીએ છીએ. અમે ફિલ્મના સીન હટાવવાનો નિર્ણય લીધો છે.‘ નોંધનીય છે કે અગાઉ એમ્પુરાન ફિલ્મમાં ૧૭ સીન પર કાતર ફેરવવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા.

તંત્રી લેખ........

# પહેલી એપ્રિલથી બદલાઈ જશે ટેક્સના ૧૦ નિયમો

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (મૂલ્યાંકન વર્ષ ૨૦૨૬-૨૭) માટે જાહેર યુનિયન બજેટમાં નવું ઈન્કમ ટેક્સ બિલ રજૂ કરવામાં આવ્યું છે. તેમજ કરદાતાઓને નવી કર પદ્ધતિ હેઠળ આકર્ષિત કરવા અને કર માળખાને સરળ બનાવી કર અનુપાલનને સરળ બનાવવાના ઉદ્દેશ્યથી મોટા ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. આ ફેરફારોને ધ્યાનમાં રાખીને ટેક્સ પ્લાનિંગ કરવું જરૂરી છે. તો ચાલો આ ફેરફારોને વિગતવાર અને સરળ ભાષામાં જાણીએ.બજેટ ૨૦૨૫માં સેક્શન 115BAC હેઠળ નવા ટેક્સ સ્લેબની દરખાસ્ત કરવામાં આવી છે. આ સ્લેબ નવી કર વ્યવસ્થા (ડિફોલ્ટ ટેક્સ રિજીમ) હેઠળ લાગુ થશે. નવી કર વ્યવસ્થા હેઠળ રિબેટ લિમિટ રૂ. ૨૫૦૦૦થી વધારી રૂ. ૬૦૦૦૦ કરવામાં આવી છે. હવે રૂ. ૧૨ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ લાગુ થશે નહીં. જો કે, જૂની કર વ્યવસ્થામાં રિબેટ લિમિટ રૂ. ૧૨૫૦૦ જળવાઈ રહેશે.

તારીખ ૩૧ માર્ચ ૨૦૩૦ સુધી લંબાવવામાં આવી છે, જે રોકાણકારો અને વ્યવસાયોને લાંબા ગાળાના લાભો પ્રદાન કરશે. વિદેશી રોકાણકારો દ્વારા IFSC પાસેથી ખરીદવામાં આવેલી જીવન વીમા પૉલિસી પર કોઈ ટેક્સ લાગશે નહીં, જે આંતરરાષ્ટ્રીય રોકાણને પ્રોત્સાહન આપશે. આ ઉપરાંત, સ્ટાર્ટઅપ્સ માટે પણ રાહત આપવામાં આવી છે, જ્યાં ૧લી એપ્રિલ ૨૦૩૦ સુધીમાં કલમ 80-IAC હેઠળ નોંધાયેલા સ્ટાર્ટઅપ્સને પ્રથમ ૧૦ વર્ષમાં ૩ વર્ષ માટે ૧૦૦% ટેક્સ છૂટ આપવામાં આવશે.ટેક્સ સિસ્ટમને સરળ બનાવવા માટે, સેક્શન 206AB અને 206CCA દૂર કરવામાં આવ્યા છે.

# રૂ.૧ કરોડથી વધુની કિંમતની કારના વેચાણમાં દેશમાં અમદાવાદ ત્રીજા ક્રમે, રાજ્યમાં ૨૫૦૦ કરોડનું માર્કેટ



દેશભરમાં ગુજરાત કાર મેન્યુફેક્ચરિંગ તેમજ ઓટો પાર્ટ્સમાં હબ રહ્યું છે. માત્ર મેન્યુફેક્ચરિંગમાં જ નહિં પ્રીમિયમ કારના વેચાણમાં પણ કંપનીઓ માટે ગુજરાત મહત્વનું માર્કેટ બની ચૂક્યું છે. ૧ કરોડથી વધુ કિંમતની કારના વેચાણમાં દિલ્હી, મુંબઈ પછી અમદાવાદ ત્રીજા ક્રમે છે. વોલ્વો, ઓડી, બીએમડબલ્યુ, ટોયોટા, મર્સિડીઝ, પોર્શે, રેન્જ રોવર તથા બીવાયડી જેવી પ્રીમિયમ સેગમેન્ટની કંપનીઓ નવા મોડલ લોન્ચિંગમાં દિલ્હી બાદ અમદાવાદને પ્રાધાન્ય આપી રહ્યાં છે. ગુજરાતમાં ટોચના ચાર શહેરો ઉપરાંત ટીયર ૨-૩માંથી મોટા પાયે ડિમાન્ડ આવી રહી છે. પ્રીમિયમ કારનું ગુજરાતમાં રૂ.૨૫૦૦ કરોડથી વધુનું માર્કેટ રહ્યું છે.

ગુજરાતમાં એક કરોડથી વધુ વેચાતી કારમાં વાર્ષિક ધોરણે ૨૦-૨૫ ટકાનો ગ્રોથ જોવા મળી રહ્યો હોવાનું ટોચની કંપનીઓએ જણાવ્યું હતું. પ્રીમિયમ કારની માગ મેટ્રો શહેરો ઉપરાંત ટીયર ૨-૩માંથી ઝડપી વધી રહી છે. જેની પાછળનું મુખ્ય કારણ આ સેગમેન્ટમાં લોકોની આવકમાં વૃદ્ધિ થવા સાથે ખર્ચની ક્ષમતામાં વધારો જોવા મળી રહ્યો છે. પ્રીમિયમ કારના વેચાણમાં કુલ પોર્ટફોલિયોમાં ઈવીનો ૨૦-૨૫ ટકા જ્યારે ૭૫ ટકા પેટ્રોલ કારનો હિસ્સો રહ્યો છે. ફાઈનાન્સિયલ હબમાં મહારાષ્ટ્ર બાદ ગુજરાત બીજા ક્રમે છે. મેન્યુફેક્ચરિંગ, એગ્રીકલ્ચર તથા આયાત-નિકાસમાં ગુજરાત મહત્વના સ્થાને છે જેથી ઉદ્યોગકારો, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટની માગ વધી રહી છે.

અમદાવાદમાં એક કરોડથી વધુની કાર વેચાણનો ગ્રોથ વાર્ષિક ધોરણે ૨૦ ટકાથી વધુ રહ્યો છે. કોવિડ બાદ કારમાં બેઝિક અને મિડ સેગમેન્ટની તુલનાએ પ્રીમિયમ કારના વેચાણમાં બમણાથી વધુ વૃદ્ધિ નોંધાઇ છે. ગુજરાતમાં ફાઇનાન્સિયલ સ્ટેબિલિટી રહી છે જે ગ્રાહકોની ખરીદ શક્તિને વેગ આપી રહી છે. પ્રીમિયમ કારના વેચાણ વધવાનું અન્ય કારણ સરળ અને ૯૦ ટકા સુધી ધિરાણ ઉપલબ્ધ છે.

દેશમાં ગુજરાત સૌથી મહત્વનું માર્કેટ છે. ગુજરાતમાં ૨૦૨૫માં સરેરાશ ૨૫૦ કારના વેચાણનો અંદાજ મુક્યો છે જે ૨૦૨૪માં ૨૩૦ કારનું વેચાણ થયું હતું. ગુજરાતમાં ટીયર ૨-૩માંથી મોટાપાયે માગ આવી રહી છે. કંપની દ્વારા રજૂ કરવામાં આવી રહેલા નવા મોડેલમાં પહેલા દિલ્હી બાદ બીજું લોન્ચિંગ ગુજરાતમાં કરવામાં આવી રહ્યું છે. અમારા માટે ગુજરાત મહત્વનું માર્કેટ છે.

# અડાલજ ત્રિમંદિરના પાર્કિંગમાં તસ્કરોનો હાથફેરો

અડાલજ ત્રિમંદિર ખાતે એક પરિવાર સાથે ચોરીની દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની છે. અડાલજ અંબાટાઉનશીપના રહેવાસી રાહુલભાઈ મનહરભાઈ અમીનના ઘરે તેમના માસીનો પરિવાર મહેમાન તરીકે આવ્યો હતો.

૧૬ માર્ચના રોજ બપોરના સમયે જમ્યા બાદ સમગ્ર પરિવાર ત્રિમંદિર દર્શન માટે ગયો હતો. તેમણે તેમની કાર મંદિરના મુખ્ય દ્વારથી થોડે દૂર પાર્ક કરી હતી. પરિવાર માત્ર અડધો કલાક દર્શન કરીને પરત ફર્યો ત્યારે તેમની કારનો પાછળનો કાચ તૂટેલો જોવા મળ્યો હતો.




તપાસ કરતા કારમાં મૂકેલી હેન્ડબેગ ગાયબ હતી. બેગમાં ૭૦ હજાર રૂપિયાની કિંમતના બે મોબાઈલ ફોન, ૪૦ હજાર રૂપિયાની સોનાની વીંટી અને ૧૦ હજાર રૂપિયાના ગોગલ્સ હતા. કુલ ૧.૨૦ લાખની મત્તાની ચોરી થઈ હતી.

પરિવારે આસપાસ તપાસ કરી પરંતુ કંઈ માહિતી મળી નહીં. તેઓ અંબાજી દર્શન માટે જવાના હોવાથી તે સમયે પોલીસ ફરિયાદ નોંધાવી શક્યા નહોતા. હવે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે.

# બોટાદ ખાતે ખાતમુહુર્ત કરાયું




બોટાદ ખાતે "આધ્યાત્મિક કમલમ" બોટાદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના કાર્યાલય નું ભૂમિપૂજન કરતા કેન્દ્રિય જળશક્તિ મંત્રી તથા ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી,કેદ્રિય મંત્રી નિમુબેન બાંભણીયા,રાષ્ટ્રીય કિસાન મોર્ચા પ્રમુખ બાબુભાઈ જેબલિયા,ગઢડા ધારાસભ્ય શંભુપ્રસાદ ટૂંડિયા, કાળુભાઈ ડાભી, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ,જેઠીબેન પરમાર, ધર્મીષ્ટાબેન, જામસંગભાઈ, રસિકભાઈ,ભુપતભાઈ,મનહરભાઈ માતરિયા,છનાભાઈ કેરાળિયા,વહતુભાઈ માલા,દાનજીભાઈ ચાવડા,ભુપેન્દ્રભાઈ માલા ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓને સંબોધેલ અને માનનીય નરેન્દ્રભાઈ મોદી નું જળસંચય વિજન અંગે ની માહિતી કાર્યકર્તા ઓને આપવામાં આવી હતી.-અખંડ ભારત

# નિકોલ પોલીસના સ્ટાફે બાપુનગરની હદમાં યુવકને બેરહેમીથી માર માર્યો

ઠક્કરનગર ચાર રસ્તા પર ખાણીપીણીની અનેક લારીઓ આવેલી છે. જ્યાં સામાન્ય રીતે રાતના સાડા બાર વાગે બાપુનગર પોલીસ લારી ગલ્લા બંધ કરાવે છે. શનિવારે રાતના સમયે ઠક્કરનગર ચાર રસ્તા પાસે ફુડ શોપના વેપારીઓ લારી બંધ કરવાની તૈયારીઓ શરૂ કરી હતી. ત્યારે નિકોલ પોલીસ સ્ટેશનની પીસીઆર વાનમા આઉટ સોર્સ ડ્રાઈવર અને એક હોમગાર્ડ જવાને અચાનક આવીને ફુડ સ્ટોલના માલિકો અને તેમના સ્ટાફને ધમકાવીને એક યુવકને માર માર્યો હતો. જેમાં પગમાં અનેક લાકડીઓ મારી ત્યારે ગુપ્તાંગ પર પણ લાકડીથી ઈજા થઇ હતી. વેપારીઓએ આક્ષેપ લગાવ્યો હતો કે બાપુનગર પોલીસની હદ હોવા છતાંય, નિકોલ પોલીસના સ્ટાફે આવીને દાદાગીરી કરવાની ઘટના ગંભીર છે. અને આ અંગે કાયદાકીય કાર્યવાહી કરવા માંગણી કરી છે. ઠક્કરનગર ચાર રસ્તા પાસે ખાણીપીણીની અનેક લારીઓ આવેલી છે. જે બાપુનગર પોલીસ સ્ટેશનની હદમાં છે. શનિવાર વારે રાતના સાડા બાર વાગે બાપુનગર પાલીસના સ્ટાફે આવીને લારી ગલ્લા બંધ કરવાની સુચના આપતા વેપારીઓ બંધ કરવાની તૈયારી કરી રહ્યા હતા.ત્યારે નિકોલ પોલીસ સ્ટેશનની પીસીઆર વાનમાં એક હેડ કોસ્ટેબલ અને ડઈવર આવ્યા હતા. તેમણે દાદાગીરી કરીને લારી ગલ્લા બંધ કરવાનું કહીને ગેરવર્તન કર્યું હતું. જેથી સ્થાનિક વેપારીઓએ તેમને શાંતિથી વાત કરવાનું કહેતા હેડ કોન્સ્ટેબલે રામ ઢોસાનો વ્યવસાય કરતા વ્યક્તિને ત્યાં કામ કરતા વ્યક્તિ પર લાકડીઓથી ફરી વળ્યો હતો અને અપશબ્દો પણ કહ્યા હતા. આ દરમિયાન તે વ્યક્તિના ગુપ્તાંગ પર પણ લાકડી વાગી હતી. જેથી આસપાસના વેપારીઓએ વિરોધ કરતા હેડ કોન્સ્ટેબલ પીસીઆર વાનમા ત્યાંથી પુરઝડપે નાસી ગયા હતા.

# હિંમતનગરમાં આપની બેઠક યોજાઈ

હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે આમ આદમી પાર્ટીની મળેલી બેઠકમાં પ્રદેશમાં થી પ્રદેશ સંગઠન પ્રમુખ બિપીનચંદ્ર ગામેતી,સાબરકાંઠા જીલ્લા પ્રમુખ. હિતેન્દ્રસિંહ પરમાર, પ્રદેશ નેતા કરસનભાઈ ચૌધરી, ખેડબ્રહ્મા તાલુકા પ્રમુખ અશોકભાઈ પરમાર તેમજ સાબરકાંઠા જિલ્લા હોદ્દેદારો તથા



ના તાલુકા પ્રમુખો ઉપસ્થિત રહ્યા જેમાં વિસાવદર વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી ને લઇ ચર્ચા કરવામાં આવી હતી..

-અખંડ ભારત

# હરસોલમાં મન કી બાતનો કાર્યક્રમ નિહાળ્યો



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મન કી બાતના ૧૨૦ એપિસોડનું જીવંત પ્રસારણ નિહાળવાનું હરસોલ ખાતે તલોદ તાલુકા ભાજપ દ્વારા આયોજન કરવામાં આવતા આ તબક્કે ભાજપ પ્રમુખ કનકસિંહ ઝાલા,હરસોલ ડે.સરપંચ હરેશ પટેલ,પૂર્વ સરપંચ રાજુભાઈ રાવલ, સહિત સંગઠનના હોદ્દેદારો,કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યક્રમને નિહાળ્યો હતો.-અખંડ ભારત

# "આજે બ્રહ્મ બીજ છે, સનાતન ધર્મની ચૈત્રી નવરાત્રી પર્વ સાથે નવા વર્ષની શુભકામના સહ વંદન"

સામાન્ય રીતે વસંત નવરાત્રિની ઉજવણી પાછળ બે કારણો મહત્ત્વના ગણવામાં આવે છે. એક તો ઋતુગત ફેરફારોને આવકારવા, કારણ કે વસંત નવરાત્રિની સાથે વર્ષના અન્ય તહેવારોની શરૂઆત થાય છે અને બીજું આપણા પૂર્વજો દ્વારા શરૂ કરાયેલ મા શકતિની દિવ્ય આરાધનાની પરંપરા જાળવી રાખવા માટે.

આ વર્ષે વસંત નવરાત્રિની શરૂઆત ગઈકાલે ૩૦ માર્ચથી થઈ છે. હિંદુ ધર્મમાં નવરાત્રિઓનો આ તહેવાર મા દુર્ગા, લક્ષ્મી અને સરસ્વતીને સર્મિપત છે. તેને ચૈત્રી નવરાત્રિ, સ્પ્રિંગ નવરાત્રિ કે બસંત નવરાત્રિ જેવા વિવિધ નામોએ પણ ઓળખવામાં આવે છે. આ નવરાત્રિ રામ નવમી સાથે સંકળાયેલ હોઈ તેને ‘રામ નવરાત્રિ’ પણ કહેવામાં આવે છે.

વસંત નવરાત્રિ હિંદુ ચૈત્ર માસમાં (માર્ચ કે એપ્રિલ) ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે, મા દુર્ગાની પૂજા (દુર્ગાપૂજા) મૂળભૂત રીતે ચૈત્ર માસમાં કરવામાં આવતી હતી અને તેને ‘બસંત પૂજા’ના નામે ઓળખવામાં આવતી હતી, પરંતુ પાછળથી ભગવાન શ્રીરામે દુર્ગાપૂજાના સમયમાં ફેરફાર કર્યો હતો.

ભગવાન શ્રીરામ રાવણ સાથેના યુદ્ધમાં વિજય મેળવવા માટે મા દુર્ગાના આશીર્વાદ મેળવવા ઈચ્છતા હતા. પરિણામે તેઓએ અશ્વિન માસમાં (ઑક્ટો.-નવે.) મા દુર્ગાનું આહ્વાન કર્યું હતું. આ જ કારણે ઑક્ટોબરમાં કરવામાં આવતી દુર્ગાપૂજા ‘અકલ-બોધોન’ એટલે કે ‘કસમયના આહ્વાન’ના નામે પણ જાણીતી છે.

વસંત નવરાત્રિની ઉજવણી હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ (ઉત્તરાંચલ), હરિયાણા, પંજાબ અને જમ્મુ-કાશ્મીર જેવાં રાજ્યોમાં ખૂબ જ મોટા પાયે થાય છે. ભારતના આ રાજ્યોમાં રહેતા લોકો વસંત નવરાત્રિ દરમિયાન વ્રત અને ઉપવાસ કરે છે. ઉનાળાની શરૂઆતમાં આ તહેવાર આવતો હોઈ બદલાતી ઋતુ સાથે અનુકૂલન સાધવામાં પણ વ્રત અને ઉપવાસ ઉપયોગી થાય છે, તેવું કહેવાય છે.

આમ તો વર્ષમાં ચાર નવરાત્રી આવે છે

૧ વસંત નવરાત્રિ
૨ શરદ નવરાત્રિ
૩ અષાઢ નવરાત્રિ
૪ પુષ્ય નવરાત્રિ

આસો મહીનામાં શરદ નવરાત્રિની ઉજવણી થાય છે અને વસંત કાળમાં વસંત એટલે કે ચૈત્રી નવરાત્રીની ઉજવણી થાય છે જેનું ખૂબજ મહત્વ માનવામાં આવે છે.

ભારતીય હિન્દુ ધર્મમાં પ્રાચીન કાળથી જ શક્તિ ઉપાસનનું અતિ મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને એમાં પણ નવરાત્રોનું પર્વ હોય એટલે માતાજીના ઉપાસકો અવશ્ય પણે માતાજીની આરાધના ઉપાસના અને જપ તપ કરતાં હોય છે પ્રાચીન સમયમાં પણ ઋષિમુનિઓ શક્તિ ઉપાસનાં કરતાં અને માતાજીની આરાધનાં જપ

તપ અને ઉપવાસ કરતાં જે આજે પણ નવરાત્રી દરમિયાન ઘણી જગ્યાએ માતાજીની નવ દિવસ સુધી આરાધનાં જપ તપ અને યજ્ઞો કરવામાં આવે છે. ચૈત્રી નવતત્રીમાં માતાજીના ઉપાસકો નવ દિવસ સુધી માતાજીની પૂજા આરાધના અર્ચના અને જપ તપ યજ્ઞો દ્વારા માતાજીને રીઝવવાના પ્રયત્નો કરે છે જેનાં માટે કેટલાંક માઈ ભક્તો નાકરોડા તો કેટલાક એકટાણું કરીને પણ માતાજીનાં ઉપવાસ કરે છે માઈ ભકતો નવ દિવસ સુધી માતાજીની વેશેષ આરાધનાં અને અખંડ જ્યોત પ્રાગટય કરે છે જવેરા વાવે છે અને નવ દિવસ માતાજીને ભોગ લગાવી વ્રતની પૂર્ણાહૂતી કરે છે ભક્તિ પ્રમાણે શક્તિ માતાજીના નવ સ્વરૂપોમાં કુંવારી કન્યાઓને ભોજ કરાવે છે

ચૈત્રી નવરાત્રિ શક્તિ ઉપાસના અને આરાધનાની સાધનાની મોટી નવરાત્રી છે. આ નવરાત્રીમાં માતાજીના ગરબાં રમવાના નથી હોતાં પરંતુ માતાજીની નવ દુર્ગાની સ્તુતિ ભક્તિ સાધના આરાધના અર્ચના પૂજા માં મનને સ્થિર કરવાનું હોય છે ચૈત્રી નવરાત્રીમાં જો પદ્ધતિસર શક્તિની ભક્તિ કરવામાં આવે તો ભક્તને એનું અનેક ઘણું ફળ પ્રાપ્ત થાય છે.

નવરાત્રિ દરમિયાન શક્તિના નવ સ્વરૂપોની પૂજા થાય છે દેવીની પૂજા પ્રદેશની પરંપરા આધારિત હોય છે

૧. માં શૈલપુત્રી પુજા ઘટ સ્થાપન પ્રથમ નોરતું
૨. માં બ્રહ્મચારિણી પૂજા બીજું નોરતું
૩. માં ચંદ્રઘંટા ત્રીજું નોરતું
૪.માં કુષ્મકાંડા પૂજા ચોથું નોરતું
૫.માં કંદમાતા પૂજા પાંચમું નોરતું
૬.માં કાત્યાયની પુજા છઠ્ઠું નોરતું
૭. માં કાલરાત્રિ પૂજા સાતમું નોરતું
૮. માં મહાગૌરી પૂજા આઠમું નોરતું
માં સિદ્ધિદાત્રીની પૂજા નવમ નોરત ૯. માં ચૈત્રી નવરાત્રિ ઘટસ્થાપન શુભ મોહ્ત

ચૈત્રી માસમાં શુક્લ પક્ષનાં પ્રતિપદા તિથિનાં ૨૯ માર્ચ સાંજે ૪ વાગી ૨૭ મીનીટે શરૂ થયું છે તેમજ આ તિથિનું સમાપન ૩૦ માર્ચ બપોરે ૧૨:૪૯ એ થઈ ગયું. બે દિવસ પ્રતિપદા હોવાથી લોકો દુવિધામાં મુકાયા છે પરંતુ હિંદુ ધર્મમાં ઉદયા તિથી (સૂર્યોદય સાથે જે તિથિની શરૂઆત થાય) માનવામાં આવે છે તેથી નવરાત્રિની શરૂઆત ૩૦ માર્ચે થશે.. ઘટ સ્થાપના મૂહર્ત સવારે ૬ વાગી ૧૩ મિનીટ થી ૧૦ વાગ્યા ૨૨ મિનીટ સુધી હતું.

હિન્દુ ધર્મમાં, શક્તિ એ સંસ્કૃત શબ્દ "શક" માંથી, " સક્ષમ હોવું" ,જેને " શક્તિ " તરીકે પણ જોડવામાં આવે છે, જેનો અર્થ "શક્તિ" અથવા "સશક્તિકરણ" એ આદિકાળની બ્રહ્માંડ ઊર્જા છે અને તે ગતિશીલ શક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે જે સમગ્ર બ્રહ્માંડમાં ગતિ કરે છે. શક્તિ એ દૈવી સ્ત્રી સર્જનાત્મક શક્તિનો ખ્યાલ અથવા અવતાર છે, જેને ક્યારેક હિન્દુ ધર્મમાં ’મહાન દૈવી માતા’ તરીકે ઓળખવામાં આવે છે . માતા તરીકે તેણીને આદિ પરાશક્તિ અથવા આદિશક્તિ તરીકે ઓળખવામાં આવે છે .

પૃથ્વી પર, શક્તિ સ્ત્રી અવતાર અને સર્જનાત્મકતા કે પ્રજનનક્ષમતા દ્વારા સૌથી વધુ સક્રિય રીતે પ્રગટ થાય છે, જોકે તે પુરુષોમાં પણ તેના સંભવિત, અપ્રગટ સ્વરૂપમાં હાજર છે.

હિન્દુઓ માને છે કે શક્તિ સર્જન માટે જવાબદાર છે અને બધા પરિવર્તનનું કારક પણ છે. શક્તિ વૈશ્વિક અસ્તિત્વ તેમજ મુક્તિ છે, તેનું સૌથી મહત્વપૂર્ણ સ્વરૂપ કુંડલિની શક્તિ છે, જે એક રહસ્યમય મનો-આધ્યાત્મિક શક્તિ છે.

શક્તિવાદમાં, શક્તિને પરમ દેવ તરીકે પૂજવામાં આવે છે . શક્તિ શિવની સક્રિય સ્ત્રી ઊર્જાનું પ્રતિનિધિત્વ કરે છે અને તેને ત્રિપુરા સુંદરી અથવા તેમના અવતાર પાર્વતી તરીકે ઓળખવામાં આવે છે .

આપણા સમુદાયમાં, દરેક પરિવારમાં એક પ્રમુખ દેવતા હશે. આપણા પરિવારના બધા દેવી-દેવતાઓ માતા દેવીના વિવિધ સ્વરૂપો છે. તેથી, હા, સૃષ્ટિના સ્ત્રીત્વના પાસાને પૂજનીય અને પૂજ્ય ગણવામાં આવે છે. ઘણા પરિવારો મા પુત્ર કરતાં વધુ પુત્રીના જન્મની આતુરતાથી રાહ જોવાય છે અને ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે કારણ કે એવું માનવામાં આવે છે કે દેવીએ પરિવારમાં જન્મ લીધો છે. હકીકતમાં, આ માન્યતાના પ્રતીક તરીકે નામકરણ સમારોહમાં આપણા વાસ્તવિક નામ આપવામાં આવે તે પહેલાં આપણે બધા રિવાજ મુજબ ’લક્ષ્મી’ ’અથવા ’રાજેશ્વરી’ નામ આપીએ છીએ..

હિન્દુ ધર્મ જ દુનિયાનો એકમાત્ર ધર્મ નથી જેમાં સ્ત્રીઓને દેવી તરીકે પૂજવામાં આવે છે.જોકે સનાતન ધર્મ અનુસાર, સ્ત્રીઓને વધુ મહત્વ આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો આપણે પતિવ્રત્ય માટે માતા સીતા, માતા અનસૂયા, માતા સાવિત્રી, માતા અરુંધતી, માતા સુમતીનો ઉપયોગ કરીએ, (માતા સુમતીએ સૂર્યોદયને રોક્યો, તો માતા અનસૂયાએ હરિ હર બ્રહ્માને બાળકો તરીકે બનાવ્યા અને તેમને ખવડાવ્યા). માતા સત્યભામા નરકાસુર સાથેના યુદ્ધમાં કૃષ્ણ સાથે જોડાઈ છે. ગાર્ગી, અહલ્યા, મૈત્રેયી, લોપામુદ્રા, ઘોષા, સ્વાહા, હૈમવતી ઉમા, ગૌતમી, હેમલેખા, સીતા વગેરેએ વેદોનો અભ્યાસ કર્યો. અહીં સ્ત્રીઓને શક્તિ તરીકે દર્શાવવામાં આવી છે, શક્તિ વિના આ બ્રહ્માંડમાં કોઈ ટકી શકતું નથી. તેથી હિન્દુ ધર્મ એ વિશ્વનો એકમાત્ર ધર્મ છે જેમાં સ્ત્રીઓને અન્ય ધર્મ કરતાં વિશિષ્ટ રીતે દેવી તરીકે પૂજવામાં આવે છે.

ફક્ત સ્ત્રીઓ જ નહીં, આપણો સનાતન ધર્મ પ્રાણીઓ, છોડને પણ સમાન મહત્વ આપે છે.

જે આપણા સનાતન ધર્મની વિશિષ્ટતા છે.

મને ગર્વ છે કે હું આવા મહાન ધર્મમાં જન્મ્યો છું. હિન્દુ ધર્મની શાક્ત શાખા તો સ્ત્રી દેવીને તેમના મુખ્ય ભગવાન તરીકે પૂજે છે. શિન્ટો પણ એક મુખ્ય ધર્મ છે, જે જાપાનનો મુખ્ય ધર્મ છે, અને તેઓ એક સ્ત્રી દેવી, અમાટેરાસુ ઓ-મી-કામીને તેમના મુખ્ય ભગવાન તરીકે પૂજે છે..

.. રામે... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# વિહિપ સાપ્તાહિક બાલ સંસ્કાર કેન્દ્રનો પ્રારંભ




વિશ્વ હિન્દુ પરિષદ મહાનગરના ગિરનાર પ્રખંડ માતૃશક્તિ દ્વારા શ્રી વલ્લભ - ૪ એપાર્ટમેન્ટ, બી વિંગ, ગણેશ ફળીયા, જવાહર રોડ, જૂનાગઢ ખાતે સાપ્તાહિક બાલ સંસ્કાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.દર શનિવારે ચાલનારા આ કેન્દ્રમાં બાળકોને હિન્દુ સંસ્કૃતિ અને ધાર્મિક સંસ્કારો અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. પ્રારંભિક કાર્યક્રમમાં નાનાં ભુલકાઓએ રામધુન ગાઈ, હનુમાન ચાલીસાનું પાઠ કર્યું તથા આરતી ઉતારી. બાળકોને બુંદી-ગાંઠિયાની પ્રસાદી વિતરણ કરવામાં આવે છે.આ બાલ સેવાયજ્ઞ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ (વહિપ) જૂનાગઢ મહાનગરના ગિરનાર પ્રખંડ મંત્રી હિરેનભાઈ પાંડે, ગિરનાર પ્રખંડ માતૃશક્તિ સંયોજિકા જાનકીબેન ભટ્ટ, સહ સંયોજિકા ક્રિષ્નાબેન દોશી અને નીલુબેન કારિયા તેમજ પૂજાબેન ભટ્ટ અને રીટાબેન મોઢવાડીયા ઉપસ્થિત રહ્યા.-અખંડ ભારત

# શિંગોડા નદીમાં કાર ખાબકી



ગીર સોમનાથ જિલ્લા કોડીનાર તાલુકા ગામ છાછર થી પસાર થતી શિંગોડા નદીમાં કાર ગરકાવ થતાં તાત્કાલિક સ્થાનિક પોલીસ ઘટના સ્થળેદોડી આવી ફાયર બ્રિગેડની મદદ લઈ કારને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.સદનસીબે કોઈ જાનહાની નહી થતાં સ્થાનિકો રાહતનો શ્વાસ લીધો હતો.-અખંડ ભારત

# જેતડા લાયન્સ સ્કૂલ ખાતે દશાબ્દિ મહોત્સવ યોજાયો



અશોક નાયી - જેતડા લાયન્સ સ્કૂલ ૧૧માં વર્ષમાં મંગળ પ્રવેશ કરવા જઈ રહી છે તેના સાનિધ્યમાં દશાબ્દી મહોત્સવમાં રૂપરેખા મુજબ સ્કૂલના સભ્યો દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી.ત્યારબાદ સ્વાગત ગીતોથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તે પછી વિવિધ કાર્યક્રમ જેવા કે કે ડાન્સ, હાસ્ય નાટક, મહાભારત થીમ, તલવારબાજી, મહિલા સશક્તિકરણ નાટક, ગરબો વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ થકી મહેમાનો મંત્રમુગ્ધ થયી ગયા હતા આ દશાબ્દી મહોત્સવ કાર્યક્રમને નિહાળવા માટે આજુબાજુ ના ગામોમાંથી બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો, બાળકો, વડીલો, યુવાનો અને બાળકોના વાલીઓ પધાર્યા હતા અને આભારવિધિ સહિત કાર્યક્રમ સૌ નિહાળી બાળકો ને આવનારા વર્ષમાં ભણી ગણી કુટુંબ નું નામ રોશન કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# સાળંગપુર-ધંધુકા માર્ગ ઉપર મોતની સવારી...



સાળંગપુર-ધંધુકા માર્ગ ઉપર મોતની સવારીના દ્રશ્યો સામે આવી રહ્યા છે.હાઈવે માર્ગ ઉપર દોડતા પ્રાઈવેટ શટલીયા વાહન ચાલકો ઘેટા-બકરાની માફક મુસાફરો ભરીને વાહન ચાલકો આરટીઓના નિયમોની ઐસી કે તૈસી કરી દોડી રહ્યા હોવા છતાં સ્થાનિક પોલીસ,ટ્રાફિક,કે આરટીઓ વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આવા વાહન ચાલકોને ઘી કેળા થઈ ગયા છે.-અખંડ ભારત

# વડોદરા -સુરત બસ સેવા શરૂ કરવા માંગ




શબ્બીર રાઠોડ - વડોદરા-સુરત ની બસ આ રુટ પર ચાલુ કરવા મા આવે સાધલી-શિનોર-કાયાવરોહણ ના કાપડ ના વેપારી ઓ તથા મુસાફરો ખુબ મોટો ફાયદો થાય તેમ છે. હાલ માં સાધલી થી સુરત જવા માટે સવારે એક બસ ચાલે છે. પરતુ સુરત થી પરત આવવા માટે એક પણ બસ નો સમય નથી જેના કારણે મુસાફરો તથા વેપારી ઓ ખુબ જ હેરાન થાય છે આ બસો ચાલુ સેવા શરૂ કરવા માટે સાધલીના સરપંચ મનિષાબેન પટેલ તથા રેલ એન્ડ રોડ પેસેન્જર એએસોશીએશનના પ્રમુખ ભુપેન્દ્રસિંહ ગોહિલ દ્વારા વિભાગીય નિયામક તથા ડી.ટી.ઓ.ને લેખિત તેમજ મૌખિક રજુઆત કરવામા આવેલ છે. તેમજ બન્ને વિસ્તાર ઝઘડીયા તથા કરજણ ના ધારાસભ્ય તથા સાસંદ સભ્ય આ બાબતે અંગત રસ લઈ ને આ રૂટ પર વહેલી તકે બસ ચાલુ કરી આપવા એવી સમગ્ર પથંકના મુસાફરોની લોક માગં ઉઠી છે.-અખંડ ભારત

# પાલ ચિતરીયા ખાતે સંચરાઈ માતાજીના અવતરણ દિનની ઉજવણી



પાલ ચિતરીયા ના ડુંગર ઉપરસંચરાઈ માતાજીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી.જેમાં દંતોડગામના આદિવાસી સમાજના આગેવાન એવા સડાત કિરીટ ભાઈ લાલજી તેમજ એમના ધર્મ પત્ની સંચરાઈ માતાજીના ટ્રસ્ટ ના પ્રમુખ રાકેશભાઈ ઘોઘરા તેમજ સમાજના આગેવાન દામાજી ભાઈ નિનામા અને ઘોઘરા અલ્પેશ ભાઈ સહિત સ્થાનિક સમાજના આગેવાનો,ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીની કેક કાપી અવતરણની દિનની ઉજવણીમાં સહભાગી બની દર્શન કરી ધન્યતા અનુભવી હતી.-અખંડ ભારત

# ધાનપુર ખાતે મન કી બાતનો કાર્યક્રમ નિહાળ્યો

**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સૌથી લોકપ્રિય અને ચર્ચિત "મન કી બાત" ના કાર્યક્રમ ને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના જનસંપર્ક કાર્યાલય ધાનપુર ખાતે સૌ કાર્યકર્તાશ્રીઓ સાથે નિહાળી અને પ્રેરણાદાયી માર્ગદર્શન મેળવ્યું.**
**-અખંડ ભારત**



# પાવાગઢ મહાકાળી મંદિરમાં ભક્તોની ભારે ભીડ





જીતેન્દ્ર પટેલ - ચૈત્રી નવરાત્રીનો આજથી પ્રારંથ થતાં પ્રથમ નોરતે માતાજીના દર્શન માટે દૂર-દૂરથી ભાવિકો દર્શનાર્થે આવી પહોંચ્યા છે.ચૈત્રી નવરાત્રિ દરમિયાન ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી પણ માઈ ભક્તો દર્શનાર્થે આવી પહોંચે છે. આ માઈભક્તો માતાજીની જયોત પ્રગટાવીને પોતાના વતન લઈ જતા જોવા મળે છે. આ જયોતની નવરાત્રિના નવ દિવસ સુધી આરાધના કરવામાં આવે છે.ચૈત્રી નવરાત્રીને લઈને પાવાગઢ મંદિરમાં ભક્તોની ભીડ જામી છે. જેમાં મહાકાળી મંદિરે માતાજીના દર્શન કરવા ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. જય માતાજીના જયઘોષ સાથે પાવાગઢ પર્વત ગુંજી ઉઠયો હતો.વહેલી સવારે ૪-૦૦ વાગ્યાથી મંદિર ખુલતા જ ભક્તો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.-અખંડ ભારત

# કેવડિયા કોલોની ખાતે સન્માન કાર્યક્રમ યોજાયો

પરેશ પ્રજાપતિ - કેવડિયા કોલોની (એકતાનગર) ખાતે ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા સંગોષ્ઠી કાર્યક્રમમાં સંસદ મનસુખભાઈ વસાવા ઉપસ્થિત રહી શ્રેષ્ઠ પ્રિન્સીપાલો અને શિક્ષકોનું સન્માન કર્યું હતું.આ પ્રસંગે બીરસા મુંડા યુનિવર્સિટીના કુલપતિ મધુકરભાઈ પાડવી, જૂનાગઢ માંગરોળ કોલેજના



પ્રશાંતભાઈ ચાહવાલા, મુખ્ય મહેમાન તરીકે ડીપીઈઓ નિશાંતભાઈ દવે, આયોજનમાં સંયોજકો તખુભાઈ સાંડસુર, ડો.મહેશ ઠાકર, શ્યામજીભાઈ દેસાઈ, જિલ્લા સંયોજકો જીતુભાઈ જોશી કુંઢેલી,ભગવતદાન ગઢવી, પ્રદિપસિંહ સિંધા, શાંતિભાઈ ભોઈ, પ્રિન્સીપાલશ્રીઓ અને શિક્ષકગણ ઉપસ્થિતિ રહ્યા હતા.-અખંડ ભારત

# હડતાલ ઉપર ઉતરેલા કર્મીઓની સાંસદે મુલાકાત લીધી



પરેશ પ્રજાપતિ - ઝઘડિયા જી.આઈ.ડી.સી માં બ્રિટાનિયા કંપનીના કામદારો પગાર વધારા બાબતે છેલ્લા સાત દિવસથી ધરણા પર બેઠા છે. તેઓની આજ રોજ સંસદ મનસુખભાઈ વસાવાએ સ્થાનિક આગેવાનો સાથે મુલાકાત લઈ તેમના સંગઠનનાં લોકો સાથે ચર્ચા કરીને તેમના પ્રશ્નોનું ઝડપથી યોગ્ય નિરાકરણ આવે તે માટે કલેકટર ભરૂચ નું ટેલિફોનીક માધ્યમથી તથા કંપની મેનેજમેન્ટ સાથે બેઠક કરી યોગ્ય નિવડે લાવવા જરૂરી સૂચન કર્યું હતું.-અખંડ ભારત

# ગોધરા-સાળંગપુર બસ સેવાનો પ્રારંભ કરાયો




ગોધરા બસ સ્ટેન્ડ થી આજે સાળંગપુર બસ સેવાનો પ્રારંભ કરવામાં આવતા ધારાસભ્ય સી.કે રાઉલજીએ લીલીઝંડી આપી પ્રારંભ કરાવી આ તબક્કે તેમને આ બસ સેવાના પ્રારંભ થી ગોધરા સહિત આસપાસના સ્થાનિક પ્રજાજનોને એસ.ટી બસની ઉત્તમ સેવા મળી રહેવા સાથે સાળંગપુર હનુમાન દાદાના દર્શને જતાં યાત્રાળુઓને પણ તેનો સીધો લાભ થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ગોધરા નગર ભારતીય જનતા પાર્ટીના સૌ પદાધિકારીશ્રીઓ,ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ અને કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# પ્રેરણાપીઠ તીર્થધામની પૂર્વ ગૃહમંત્રીએ મુલાકાત લીધી

પ્રેરણાપીઠ તીર્થધામ શ્રી કલકી ભગવાનના ૫૫૧ ના અમૃત મહોત્સવ નિમિત્તે ભારત દેશના કેટલાક રાજયોમાંથી ભાવિક ભક્તો પદયાત્રી સંઘ દ્વારા વાજતે ગાજતે ખૂબ મોટી સંખ્યામાં ચૈત્ર સુદ બીજ ના રોજ તીર્થધામ પ્રેરણાપીઠ ખાતે આવતા હોય છે જેના માટે આજ રોજ ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો વહેલી સવારથી આવી દશમ અવતાર શ્રી કલકી ભગવાન તેમજ શ્રી નિષ્કલંક હનુમાનજી મંદિર તેમજ નિષ્કલંક મહાદેવ મંદિરના દર્શન કરી ભાવુક થાય છે અને આજ રોજ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ની મન કી બાત કાર્યક્રમ હોય તે નિમિત્તે ગુજરાત રાજયના પૂર્વ ગૃહ મંત્રી ગોરધનભાઈ ઝડફિયા આવી ખૂબ જ દર્શન કર્યા બાદ



છેલ્લા ૨૫ થી ૩૦ વર્ષથી આ સંસ્થા સાથે સતત અવારનવાર મુલાકાત દ્વારા ખૂબ પ્રગતિ અને વિશાળ શિષ્ય મંડળ તેમજ ભાવિક ભક્તો ને નિહાળી આનંદ વ્યક્ત કરેલ હતો સાથે સાથે પરમ પૂજ્ય જગતગુરુ શ્રી જ્ઞાનેશ્વર દેવાચાર્યજી મહારાજ શ્રી એ સાલ ઓઢાડી સન્માન કરેલ હતું અને આ સાથે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સતપંથ સમાજના પ્રમુખશ્રી અબજી ભાઈ ધોળું અને ટ્રસ્ટી શ્રી હર્ષદભાઈ પટેલ અને દેવજીભાઈ સાથે આદરણીય પ્રેમદાસ બાપુ તેમજ ટ્રસ્ટીઓ જોડાયેલા હતા.આ વિસ્તારમાંથી ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ભોજન પ્રસાદ નો લાભ લીધો હતો -અખંડ ભારત









આજરોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાયસણ દ્વારા આયોજિત "એન્યુઅલ એક્સ્પો" યોજાયો. જેમાં મેયરશ્રી મીરાબેન પટેલ એ વિશેષ અતિથિ તરીકે હાજરી આપી હતી. આ અવસરે મેયરશ્રી એ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને પ્રોત્સાહન પૂરું પાડ્યું તેમજ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

## આજરોજ "ગીતા હોસ્પિટલ" નો શુભારંભ પ્રસંગે આનંદવાટીકા, સેક્ટર ૨૨ ખાતે થયો




આ અવસરે મેયરશ્રી મીરાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને જણાવ્યું હતું કે આ હોસ્પિટલમાં અધ્યતન ટેકનોલોજીના મશીનો સજ્જ હોવાથી આસપાસના લોકોને આરોગ્યની સારી સુવિધાઓ ઝડપી મળી રહેશે. મેયરશ્રી એ હોસ્પિટલના સંચાલન સાથે સંકળાયેલ સૌને આરોગ્ય સેવાની આ શરૂઆત બદલ અભિનંદન અને શુભકામના પાઠવી હતી.

# શ્રી ભુપેન્દ્રભાઈની સરકારમાં કોઈની લાલીયાવાડી નહીં ચાલે : શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

અગાઉ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળા તેમજ કામરેજ વિધાનસભાના દેરોદ ગામે નવીન આંગણવાડી કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે બાંધકામની ગુણવત્તા નબળી જણાતા રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ત્વરિત એક્શન લીધી હતી.ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેમજ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શનમાં ગુજરાતમાં આજે બાળકો ભણી ગણીને આગળ વધી રહ્યા છે, ત્યારે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે રાજ્ય સરકાર હરહંમેશ એક્શન મોડમાં કામગીરી કરી રહી છે.શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓને સુરક્ષા સાથે શિક્ષણ આપવાનું કાર્ય રાજ્ય સરકારની પ્રથમ પ્રાથમિકતા રહી છે, ગુજરાતની કોઈ પણ શાળામાં બાળકોની સુરક્ષા અને શિક્ષણ બાબતે કોઈ પણ પ્રકારની લાપરવાહી કે લાલીયાવાડી નહીં ચલાવવામાં આવે તેમજ ગુજરાત રાજ્યની શિક્ષણની અંદર ગેરવહીવટ કે ગેરરીતિ ચલાવી લેવાશે નહિ જો કોઈ જિલ્લામાં ગેરવહીવટ કે ગેરરીતિની માહિતી મળશે તો રાજ્ય સરકાર કડકમાં કડક પગલા લેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. જુનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના ખજુરી હડમતીયા ગામમાં આવેલી પ્રાથમિક શાળાના નબળા બાંધકામના અનુસંધાને તા. ૧૯ માર્ચ ૨૦૨૫ના ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબનું કાસ્ટીંગના બીજા દિવસે બાંધકામની ગુણવત્તા વિશેની ફરિયાદ ગ્રામવાસીઓ અને સ્થાનિક આગેવાનો દ્વારા શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાને કરવામાં આવી હતી. મંત્રીશ્રીની ટેલિફોનિક આજ્ઞા પર જિલ્લા પ્રોજેક્ટ ઈજનેર, થર્ડ પાર્ટી ઈજનેર, ટીઆરપી, એજન્સીના પ્રતિનિધિઓએ તેજ દિવસે રાત્રે ૮:૩૦ કલાકે સ્થાનિક આગેવાનો સાથે શાળાના વર્ગખંડની સ્થિતિની સમીક્ષા કરી. તપાસ દરમિયાન બાંધકામની ગુણવત્તા અસંતોષકારક જણાતા, શિક્ષણમંત્રીએ ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબનું કાસ્ટીંગ તોડી નાખવાનો અને નવું બાંધકામ શુરુ કરવાનો આદેશ આપ્યો હતો. સાથેજ એજન્સી અને સંબધિત અધિકારીને નોટિસની સૂચના આપી હતી; ઈજનેરને બરતરફ કરવામાં આવ્યો છે.રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના ત્વરિત અને કડક કાર્યવાહીને પગલે એજન્સીને ૭ દિવસની અંદર સ્લેબ તોડવાની પ્રક્રિયા શરૂ કરવા તેમજ તોડફોડ દરમિયાન સલામતીની સંપૂર્ણ તકેદારી રાખવા અને કામગીરીની ફોટોગ્રાફ્સ સાથે અહેવાલની નોંધ લઈ ગાંધીનગર કચેરીમાં રજૂ કરવા જણાવ્યું હતું.શિક્ષણ મંત્રીશ્રીએ શિક્ષણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પારદર્શિતા અને જવાબદારીનો સ્પષ્ટ સંદેશ આપતા કહ્યું કે, રાજ્યમાં જે સ્થળોએ શાળાનું કામ નબળું થશે, ત્યાં આ જ પ્રકારે બાંધકામ તોડીને પાડવામાં આવશે તેમજ તે કિસ્સાઓમાં જવાબદાર લોકોની સામે કાર્યવાહી કરવામાં આવશે. આજે શિક્ષણ મંત્રી શ્રીની સૂચના પ્રમાણે જુનાગઢની ખજુરી હડમતીયા શાળાના ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબનું કાસ્ટીંગ તોડી નવેસરથી બાંધવાનું કામ શાળા સંચાલન સમિતિ અને સ્થાનિક તંત્રની દેખરેખ હેઠળ આ કામગીરી ઝડપભેર ચાલી રહી છે. નવો સ્લેબ બંધાયા બાદ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વધુ સલામત અને આરામદાયક શૈક્ષણિક માહોલ ઉભો થશે.અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળા તેમજ કામરેજ વિધાનસભાના દેરોદ ગામે નવીન આંગણવાડી કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે બાંધકામની ગુણવત્તા નબળી જણાતા ત્વરિત એક્શન લઈને બાંધકામ તોડાવીને ગુણવત્તાસભર બાંધકામના આદેશ આપ્યા હતા.

## મેયરશ્રી મીરાબેન પટેલ ચેટીચંડ દિવસની ઉજવણીમાં સિંધી સમાજ સાથે સહભાગી થયા





આજરોજ ભગવાન ઝુલેલાલ જયંતી – ચેટીચાંદના પાવન પર્વ નિમિતે શ્રી ઝુલેલાલ - સાંઈબાબા મંદિર, સેકટર -૩૦ ખાતે ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.આ અવસરે મેયરશ્રી મીરાબેન પટેલ એ ઉપસ્થિત રહી સૌ સિંધી ભાઈ - બહેનોને શુભકામનાઓ પાઠવી તેમજ ભગવાન ઝુલેલાલની કૃપાદ્રષ્ટિ સૌ પર સર્વદા બની રહે અને આ પર્વ સૌના જીવનમાં સુખ, શાંતિ, ઐશ્વર્ય અને યશ લાવનાર બની રહે એવી પ્રાર્થના કરી હતી.

## અમદાવાદમાં ચેટીચંડ દિવસની સાંસ્કૃતિક ઉજવણીમાં સિંધી સમાજ સાથે સહભાગી થતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

વડાપ્રધાનશ્રીએ નવી પેઢીને વિરાસતથી પરિચિત કરાવવા ‘કેચ ધ રેઈન‘,‘એક પેડ માં કે નામ‘, અને સ્વચ્છ ભારત અભિયાનો પ્રારંભ કર્યા છે એમા સિંધી સમાજ સક્રિય થાય તેવી અપીલ મુખ્યમંત્રીશ્રીએ કરીમુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સિંધી સમાજના ચેટીચંડ દિવસની અમદાવાદમાં આયોજિત ઉજવણીમાં ઉત્સાહ-



ઉમંગથી છલકાતાં સિંધી પરિવારો સાથે સહભાગી થયા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ચેટીચંડ શોભાયાત્રાને પણ પ્રસ્થાન કરાવ્યું હતું.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજીત ચેટીચંડ પર્વના સાંસ્કૃતિક કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર સિંધી પરિવારોને ચેટી ચંડની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ચેટીચંડની ઉજવણી સાથે ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ પણ થઈ રહ્યો છે. આજનું પવિત્ર પર્વ સિંધી કોમની દરિયાદિલી તેમજ પુરૂષાર્થનો પરિચય કરાવે છે. સિંધી સમાજ આફતને અવસરમાં પલટાવી દેનારો પરિશ્રમી સમાજ છે. સિંધી સમાજે ગુજરાતની પ્રગતિમાં સક્રિય યોગદાન આપીને એક ભારત, શ્રેષ્ઠ ભારતના મંત્રને સાકાર કર્યો છે. એટલું જ નહિ, એક પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં સિંધી સમાજની સફળતાનો પરચમ ન લહેરાતો હોય એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.સિંધી સમાજ વિશે વાત કરતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ કહ્યું કે, સિંધથી આવીને ગુજરાતને પોતાની માતૃભૂમિ અને કર્મભૂમિ બનાવનારા સિંધી સમાજની ઓળખ અને ભાષા ભલે સિંધી હોય પણ આ સમુદાયના લોકો ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે.મુખ્યમંત્રી શ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ધાર્મિક પર્વના આવા સામુહિક આયોજનથી ઈતિહાસ અને પરંપરાઓ સાથે જોડાવાનો અવસર નવી પેઢીને પણ મળે છે. એટલું જ નહીં વડાપ્રધાનશ્રીએ નવી પેઢીને વિરાસતથી પરિચિત કરાવવા સાથે ભવિષ્યનો પણ વિચાર કરીને ‘કેચ ધ રેઈન‘,‘એક પેડ માં કે નામ‘, અને સ્વચ્છ ભારત અભિયાનો શરૂ કર્યા છે. આ તમામ અભિયાનમાં સિંધી સમાજ સક્રિય થાય તેવી અપીલ પણ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

આ અવસરે ધારાસભ્યશ્રી પાયલ કુકરાણીએ રાજ્યના વિકાસમાં સિંધી સમાજનું યોગદાન સદાય મળતું રહેશે તેવી ખાતરી આપી મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વને બિરદાવ્યું હતું.આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી પ્રતિભાબહેન જૈન, અમદાવાદ પૂર્વ સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, સર્વે ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં સિંધી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## આરોગ્ય કર્મીઓની હડતાળમાં ફાંટા! : અડધાથી વધુ જિલ્લાના કર્મચારીઓએ આંદોલન છોડયું, ગાંધીનગરમાં વિરોધ કરનારાની અટકાયત



ગુજરાત પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળમાં મોટો વળાંક આવ્યો છે. રાજયના અડધાથી વધુ જિલ્લાના કર્મચારીઓએ આંદોલનમાંથી પોતાનો હાથ પાછો ખેંચી લીધો છે.આજે ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે કેટલાક આરોગ્ય કર્મચારીઓ વિરોધ પ્રદર્શન માટે આવ્યાં હતા. પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી. છાવણી ખાતે કોઈ પ્રદર્શનકારીને બેસવા દેવાયા નહોતા. બસ ઊભી રાખીને આવનાર દરેક કર્મચારીની અટકાયત કરવામાં આવી હતી.ગાંધીનગર જિલ્લામાં ૨૧૪ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યાં છે. આમ છતાં કેટલાક કર્મચારીઓ હડતાળ પર અડગ રહ્યા છે. ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના નેજા હેઠળ ચાલતા આંદોલનમાં ભાગલા પડયા છે. મહાસંઘના પ્રમુખ સાથે ગાંધીનગર સહિત કેટલાક જિલ્લાના કર્મચારીઓ હજુ આંદોલનમાં જોડાયેલા છે.વિધાનસભા સત્ર પૂર્ણ થતાં સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. રાજયભરમાં કેટલાય કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યાં છે. આના કારણે આંદોલનને મોટી અસર થઈ છે. કર્મચારીઓએ સરકાર સામે સમાધાનનો પ્રસ્તાવ મૂક્યો છે. તેઓએ લેવાયેલા પગલામાં રાહત આપવાની અપીલ કરી છે.

## માર્ચ માસ દરમિયાન બિનઅધિકૃત વહનના કુલ ૩૮ વાહનો જપ્ત કરી કુલ ૫૮ કેસો પૈકી રુપિયા ૧.૩૪ કરોડની વસુલાત કરવામાં આવી હતી

ગાંધીનગરમાં થતી ગેરકાયદે ખનીજ વહનની કામગીરી તથા બહારથી ગેરકાનૂની રીતે લાવવા લઈ જવામાં આવતા ખનીજની હેરફેર અટકાવવાના હેતુથી કલેક્ટરશ્રી, ગાંધીનગર મેહુલ કે. દવે ના માર્ગદર્શન અને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહ ની સુચના હેઠળ ગાંધીનગર જીલ્લાનામદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા ની ક્ષેત્રીય ટીમ દ્વારા ગાંધીનગર જિલ્લાના અલગ અલગ તાલુકાના અલગ અલગ વિસ્તારોમાં દિવસ-રાત અધિકારી સહીત અલગ અલગ ટીમો બનાવી, મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના કર્મચારી કું.મેહુલા સભાયા(રોયલ્ટી ઈન્સપેક્ટર), કું. અવની સોલંકી(રોયલ્ટી ઈન્સપેક્ટર), દિવ્યાંત શિરોયા(રોયલ્ટી ઈન્સપેક્ટર), તરૂણ શર્મા(રોયલ્ટી ઈન્સપેક્ટર), રણછોડ આયર (માઈન્સ સુપરવાઈઝર),કું. નવ્યા(માઈન્સ સુપરવાઈઝર) દ્વારા ખનિજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહ અટકાવવા કરવામાં આવતી સતત કામગીરી દરમ્યાન માર્ચ-૨૦૨૫ દરમ્યાન તા.૨૯/૦૩/૨૦૨૫ સુધી ખનિજનાં બિનઅધિકૃત વહનના કુલ ૩૮ વાહનો જપ્ત કરવામાં આવેલ છે. તેમજ ખનિજનાં બિનઅધિકૃત વહન/સંગ્રહ/ખનન નાં કુલ ૫૮ કેસો કરી ૧.૩૪ કરોડની વસુલાત કરવામાં આવેલ છે.

# તમારા માટે આ મનોરંજન છે, મારા માટે મુશ્કેલ સમય...:તમિલ એક્ટ્રેસ શ્રુતિ નારાયણનનો ૧૪ મિનિટનો પ્રાઈવેટ વીડિયો વાઈરલ થયો, સોશિયલ મીડિયામાં રોષ ઠાલવ્યો





તમિલ એક્ટ્રેસ શ્રુતિ નારાયણનનો કાસ્ટિંગ કાઉચનો એક વીડિયો સોશિયલ મીડિયા પર લીક થયો હતો. તેના પર એક્ટ્રેસની પ્રતિક્રિયા સામે આવી છે. તેણે લીક થયેલા વીડિયોને વાયરલ કરી રહેલા લોકો પર ઘણો ગુસ્સો ઠાલવ્યો છે.શ્રુતિ નારાયણને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરી. તેમાં તેણીએ લખ્યું કે, આ સમય તેમના અને તેમના પરિવાર માટે ખૂબ મુશ્કેલી ભરેલો છે. તેમજ જે લોકો લીક થયેલો વીડિયો વાયરલ કરી રહ્યા છે તેના પર આકરા પ્રહારો પણ કર્યા છે. જોકે, એક્ટ્રેસે એવું નથી કહ્યું કે આ તેનો વીડિયો છે. વાયરલ વીડિયો ડીપફેક પણ હોય શકે છે.શ્રુતિ નારાયણને લખ્યું,' તમારા માટે આ માત્ર એક મજાક અને મનોરંજક કન્ટેન્ટ છે પરંતુ મારા અને મારા પરિવાર માટે આ મુશ્કેલ સમય છે. આ પરિસ્થિતિને સંભાળવી પણ મુશ્કેલ થઈ રહી છે.શ્રુતિ નારાયણને વીડિયો વાયરલ કરી રહેલા લોકો પર આકરા પ્રહારો કરતા લખ્યું, 'હું પણ એક છોકરી છું અને મારો પણ પરિવાર છે, નજીકના સંબંધીઓ છે. પણ તમે લોકો મારી પરિસ્થિતિને વધુ ખરાબ બનાવી રહ્યો છે. હું તમને બધાને વિનંતી કરું છું કે આ વીડિયોને આગની જેમ ન ફેલાવો, જો તમારે ફેલાવવો જ છે તો પહેલા તમારી માતા, બહેન કે ગર્લફ્રેન્ડના વીડિયો જુઓ. તેમનું પણ તેવું જ શરીર છે. જેવું મારું છે. તો જાઓ અને તેમના વીડિયોનો આનંદ માણો'.શ્રુતિ નારાયણને ઈન્સ્ટાગ્રામ પર એક નોટ શેર કરી છે, જેમાં તેણીએ લખ્યું, ' આ પ્રકારના લીક થયેલા વીડિયો કોઈનું જીવન બરબાદ કરી શકે છે. માણસ બનો, વીડિયો ભલે વાસ્તવિક હોય કે ડીપફેક, લીક થયેલો વીડિયો શેર કરવો ભારતમાં ગુનો છે. આ અંગે કાનૂની કાર્યવાહી પણ થઈ શકે છે.' ત્યારબાદ એક્ટ્રેસે એ કાનૂની પગલાંઓની યાદી શેર કરી, જે લીક થયેલા વીડિયોને શેર કરવામાં સામેલ લોકોની વિરૂદ્ધમાં લઈ શકાય છે.

વાયરલ થયેલો વીડિયો લગભગ ૧૪ મિનિટ લાંબો છે. જેમાં એક છોકરી ન્યૂડ જોવા મળે છે. તેનો ચહેરો શ્રુતિ નારાયણન સાથે મળતો આવે છે. જોકે, કેટલાક લોકોનું માનવું છે કે, આ વીડિયો AI અથવા ડીપફેક પણ હોઈ શકે છે. વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.૨૪ વર્ષની શ્રુતિ નારાયણન ચેન્નઈની છે. તેણે તમિલ ટીવી સિરિયલોથી એક્ટિંગ કરિયરની શરુઆત કરી હતી. ફિલ્મોમાં આવ્યાં પહેલા તેણી તમિલ સિરિયલ 'સિરાગડિક્કા આસાઈ'માં જોવા મળી હતી. આ સિરિયલથી જ તેને ઓળખ મળી હતી. એક્ટિંગ ઉપરાંત તે ઈન્સ્ટાગ્રામ પર પણ ખૂબ પ્રખ્યાત છે.

# આયોજકોએ નેહા કક્કડની પોલ ખોલી!:સિંગરે કરેલા તમામ આરોપોને ખોટા ગણાવ્યાં



હાલ નેહા કક્કડ એક વિવાદમાં ફસાય છે. સિંગરનો મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)માં કોન્સર્ટ હતો. આ કોન્સર્ટની એક ક્લિપ ઈીક્ષ્ક્ષૈં પર વાઈરલ થઈ હતી. જેમાં સિંગર હીબકે-હીબકે રડતી હતી તેની પાછળનું કારણ એવું હતું કે કોન્સર્ટમાં સિંગર અઢી કલાક મોડી પહોંચી હતી. જેને લઈ ભીડમાંથી ઘણા લોકોએ હોબાળો કર્યો હતો. જોકે, આ મામલે સ્પષ્ટતા આપતી વખતે નેહાએ બધો દોષો શોના આયોજકો પર નાખ્યો હતો. હવે શોના આયોદકોએ એક નિવેદન બહાર પાડયું છે જેમાં તેમણે નેહાના દાવાઓને નકારી કાઢ્યા છે.બીટસ પ્રોડક્શને સોશિયલ મીડિયા પર એક સ્ક્રીનશોટ શેર કર્યો છે. આમાં, તેણે બધા બિલ શેર કર્યા અને જણાવ્યું કે નેહાના મેલબોર્ન અને સિડની કોન્સર્ટથી લગભગ ૫૨૯,૦૦૦ ડોલર એટલે કે ૪.૫૨ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.વધુમાં, પ્રોડક્શન કંપનીએ દાવો કર્યો હતો કે સિડની, મેલબોર્ન અને પર્થમાં ક્રાઉન ટાવર્સે તેમના પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે નેહા અને તેના મિત્રો હોટલના રૂમમાં સ્મોકિંગ પણ કરી રહ્યા હતા. આ જગ્યા નો સ્મોકિંગ ઝોનમાં હતી. એટલું જ નહીં, નેહાએ દાવો કર્યો હતો કે તેને હોટલ અને પરિવહન સુવિધાઓ આપવામાં આવી ન હતી. પ્રોડક્શન કંપનીએ આના પુરાવા તરીકે એક વીડિયો પણ શેર કર્યો છે.શું હતો સમગ્ર મામલો? તાજેતરમાં સિંગરે મેલબોર્નમાં એક કોન્સર્ટ કર્યો હતો. કોન્સર્ટનો સમય સાંજે ૭:૩૦ વાગ્યાનો હતો, પણ નેહા કક્કડ એક કે બે કલાક પછી નહીં પણ અઢી કલાક પછી, રાત્રે ૧૦ વાગ્યે સ્ટેજ પર આવી. ગાયકની રાહ જોઈ રહેલા ચાહકો તેના વિલંબને કારણે ખૂબ ગુસ્સે થયા અને વિરોધમાં સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. ચાહકોને ગુસ્સે થયેલાં જોઈને નેહા કક્કડ સ્ટેજ પર જ રડવા લાગી. એવા પણ આરોપો હતા કે નેહાએ એક કલાક પણ પરફોર્મ કર્યું ન હતું.નેહાએ ચાહકોની માફી માંગી અને કહ્યું, તમે લોકો ખરેખર ખૂબ સારા છો, તમે ધીરજ રાખી. મને એ વાતનો અફસોસ છે કે તમે લોકો આટલા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છો. મેં મારા જીવનમાં ક્યારેય કોઈને આટલો લાંબો સમય રાહ જોવડાવી નથી.

# અનન્યાએ કથિત બોયફ્રેન્ડ વોકરની પોસ્ટ પર કમેન્ટ કરી:હોલીવુડ મોડેલ સાથે રિલેશનમાં હોવાની અટકળો તેજ






અનન્યા પાંડે ઘણીવાર તેની પ્રોફેશનલ અને પર્સનલ લાઈફને કારણે ચર્ચામાં રહે છે. છેલ્લા કેટલાક સમયથી એક્ટ્રેસનું નામ હોલીવુડ મોડેલ વોકર બ્લેન્કો સાથે જોડવામાં આવી રહ્યું છે. અનન્યા પાંડેએ તાજેતરમાં તેના કથિત બોયફ્રેન્ડ વોકર બ્લેન્કોની પોસ્ટ પર કમેન્ટ કરી. વોકર બ્લેન્કોએ ૨૮ માર્ચે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી. અનન્યા પાંડે અને તેની બહેને આ પોસ્ટ પર ટિપ્પણી કરી હતી. કોમેન્ટમાં અનન્યાએ લખ્યું, 'મીસ્ટર વર્લ્ડ વાઈડ'. અનન્યાની બહેને પણ કહ્યું, 'તું ખૂબ જ કૂલ છે.' આ ટિપ્પણીઓ પછી, સોશિયલ મીડિયા પર તેમના રિલેશનશિપની અફવાઓ તેજ થઈ ગઈ છે.વોકર બ્લેન્કોએ ઈન્સ્ટાગ્રામ પર ફોટા અને વીડિયોનું કલેક્શન શેર કર્યું હતું. તેની પોસ્ટસમાં પ્રકૃતિ અને વન્યજીવનના ફોટા, સેલ્ફી, કેન્ડિડ મોમેન્ટ, સ્વિમિંગ સેશન અને મિત્ર સાથેના ફોટા સામેલ છે. વોકરની પોસ્ટ પર યુઝર્સે પણ પ્રતિક્રિયા આપી. એક યુઝરે લખ્યું- 'લીવિંગ લાર્જ'. બીજાએ લખ્યું, 'એપિક'.આ વર્ષે ફેબ્રુઆરીની શરૂઆતમાં અનન્યા પાંડેએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર વોકર બ્લેન્કો માટે એક ખાસ બર્થડે પોસ્ટ શેર કરી હતી. તેણીએ વોકરનો એક કેન્ડિડ ફોટો પોસ્ટ કર્યો હતો, જેમાં કેપ્શનમાં લખ્યું: હેપ્પી બર્થડે વોકર બ્લેન્કો. જોકે, અનન્યા પાંડે અને વોકર બ્લેન્કોએ સત્તાવાર રીતે તેમના સંબંધોનો સ્વીકાર કર્યો નથી.અનંત અંબાણીની સગાઈમાં વોકર અને અનન્યા સાથે જોવા મળ્યાં હતાં. ત્યારથી તેમના અફેરના સમાચાર હેડલાઈન્સમાં છે. હવે વોકરની પોસ્ટના આધારે લોકો બંનેના સાથે હોવા અંગે પણ અનુમાન લગાવી રહ્યા છે.વોકર બ્લેન્કો એક હોલીવુડ મોડેલ છે અને તે અમેરિકાના શિકાગોનો રહેવાસી છે. વોકરની ફેસબુક પ્રોફાઈલ મુજબ, તેણે પોતાનો મોટાભાગનો સમય ફલોરિડાના મિયામીમાં વિતાવ્યો છે. વેસ્ટમિન્સ્ટર ક્રિશ્ચિયન સ્કૂલમાં અભ્યાસ કર્યા પછી તેણે મોડેલિંગ શરૂ કર્યું.અનન્યા પાંડે ટૂંક સમયમાં ફિલ્મ કેસરી-૨ માં જોવા મળશે. આ ફિલ્મમાં અક્ષય કુમાર અને આર. માધવન પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ૧૮ એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ઉપરાંત અનન્યા રોમેન્ટિક ફિલ્મ 'ચંદા મેરા દિલ' અને 'કોલ મી બે' ની બીજી સીઝનમાં પણ જોવા મળશે.

# ખરાબ કોમેન્ટસ સાંભળી, હું ભાંગી પડી હતી':કોમેડી કિંગ જોની લીવરની દીકરીનું દુ:ખ છલકાયું, મારી પર્સનાલિટીને લોકોએ ખૂબ વખોળી

પીઢ અભિનેતા જોની લીવર તેમના ઉત્તમ અભિનય અને કોમેડી માટે જાણીતા છે. તાજેતરમાં તેમની દીકરી જેમી લીવરે શરૂઆતના દિવસોમાં તેના પર થયેલી ટીકા વિશે વાત કરી. તેણીએ કહ્યું કે, તેના દેખાવને કારણે તેને ઘણી નકારાત્મકતાનો સામનો કરવો પડયો, જેના કારણે તે તૂટી ગઈ હતી.




ટીવી એક્ટ્રેસ છવી મિત્તલના પોડકાસ્ટમાં જેમી લીવરને પૂછવામાં આવ્યું હતું કે, તેમણે છેલ્લા એક વર્ષમાં લોકોના જજમેન્ટ અને ટીકાનો કેવી રીતે સામનો કર્યો અને તેની કેવી અસર પડી. તેનો જવાબ આપતા જેમીએ કહ્યું, 'મેં ઘણી વખત ટીકાનો સામનો કર્યો છે. ઘણી વખત મને મારા નાક માટે ટ્રોલ કરવામાં આવી છે. એક દિવસ, જ્યારે હું ફોટોશૂટ કરાવી રહી હતી, ત્યારે એક મેકઅપ આર્ટિસ્ટે મારા પર અભદ્ર ટિપ્પણી કરી હતી.

મેકઅપ આર્ટિસ્ટે કહ્યું કે, નાક ખૂબ મોટું હોવાથી તેનું કટિંગ કરવું પડશે. આવું સાંભળીને હું અંદરથી તૂટી જાઉં છું. એવું લાગે છે કે તમે ક્યારેય સારા નહીં બની શકો. આમ પણ હું બાળપણમાં મેદસ્વિતા સામે સંઘર્ષ કરતી હતી. વજન ઘટાડવું સરળ નહોતું કારણ કે મને PCOS હતું.

જેમીએ આગળ કહ્યું, 'મને હંમેશા કહેવામાં આવતું હતું કે, મોટા હિપ્સ શરમજનક હોય છે.' એટલા માટે હું હંમેશા તેને ઢાંકીને રાખતી. ક્યારેક લાંબા ટી-શર્ટ પહેરતી હતી, તો ક્યારેક કુર્તા. મારી પાસે હંમેશા એક સરખા જ કપડાં હતા. આ સુંદરતા છે તે સમજવામાં મને ઘણા વર્ષો લાગ્યા. તમે જાણો છો, મારા કર્વ્સ સુંદર છે અને લોકો આવું શરીર મેળવવાની ઈચ્છા રાખે છે અને હું કાર્દાશિયનોને પણ થોડો શ્રેય આપીશ, જેમણે મારા હિપ્સને ખરેખર પ્રખ્યાત બનાવ્યા. ત્યાર પછી લોકો કહે છે વાહ, કર્વ્સ ખરેખર સુંદર લાગે છે. મને મારા શરીરને સ્વીકારવામાં ઘણો સમય લાગ્યો.

# ૧૦૮ યુવાનો દ્વારા ગુજરાતની વિધાનસભામાં માય ભારત દ્વારા આયોજિત વિકસિત ભારત યુવા સંસદ કાર્યક્રમ અંતર્ગત પોતાના વિચાર રજૂ કર્યા






૨૯મી માર્ચ ૨૦૨૫ની રોજ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય અંતર્ગત કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાત, માય ભારત ગુજરાત દ્વારા ગુજરાત વિધાનસભા ખાતે રાજ્ય સ્તરીય વિકસિત ભારત યુવા સંસદનું આયોજન કરવામાં આવ્યું જેમાં ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓના શીર્ષ ૧૦ યુવાનો દ્વારા બંધારણના ૭૫ વર્ષની યાત્રા વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૧૦૮ યુવાનો ઉપસ્થિત થયા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા યુવાઓને એક શ્રેષ્ઠ નેતા, વકતા બનવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિશિષ્ઠ અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી શ્રીમતી મીરાબેન પટેલ, ગુજરાત રાજ્યના રાજ્ય નિર્દેશક શ્રી દુષ્યંત ભટ્ટ, રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રીય નિર્દેશક શ્રી કમલ કુમાર કર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જ્યુરીમાં શ્રી કુંતલ નિમાવત, શ્રીમતી અંજલીબેન પટેલ, શ્રી ભરત ઢઢિયા, શ્રી અશ્વિન ત્રિવેદી અને શ્રી ઉત્સવ પરમાર દ્વારા સેવા આપવામાં આવી હતી. રાજ્ય સ્તરીય યુવા સંસદમાં કચ્છની આયુષી કેનિયાએ પ્રથમ સ્થાન, વડોદરાની સોનાલીકા નિગમે દ્વિતીય સ્થાન અને ગાંધીનગરના પ્રથમ ટાકોલિયાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ત્રણ વિજેતાઓ કેન્દ્રીય હોલ સંવિધાન સદનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાત દ્વારા જિલ્લા યુવા અધિકારીશ્રી ગાંધીનગરની કચેરીના સહયોગથી કરવામાં આવ્યું.

## સાયબર ફ્રોડમાં જીવનભરની કમાણી ૫૦ લાખ રૂપિયા ગુમાવતાં વૃદ્ધ દંપતીએ મોતને વ્હાલું કર્યું




કર્ણાટકના બેલગાવી જિલ્લાના ખાનપુરમાં એક વૃદ્ધ દંપતી ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યું હતું, જેમાં ૫૦ લાખ રૂપિયા ગુમાવી દીધા હતા. આટલી મોટી રકમ ગુમાવવાનો આઘાત એટલો લાગ્યો હતો કે આ વૃદ્ધ પતિ-પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના બાદ લોકોમાં ડિજિટલ એરેસ્ટની ઘટનાઓને લઈને રોષ વધી રહ્યો છે.

બેલાગાવી જિલ્લાના ૮૨ વર્ષીય ડિયોગઝેરોન અને તેની ૭૯ વર્ષીય પત્ની ફલાવિયાનાનો મૃતદેહ તેમના ઘરેથી મળી આવ્યો છે. સાથે જ એક નોટ મળી આવી છે જેમાં મરતા પહેલા ડિયોગઝેરોને તમામ ખુલાસા કર્યા છે. આ નોટમાં સુમિત બિરા અને અનિલ યાદવ નામના બે વ્યક્તિનો ઉલ્લેખ છે. તેમણે લખ્યું છે કે સુમિતે મને ફોન કર્યો હતો અને દાવો કર્યો હતો કે પોતે દિલ્હીમાં ટેલિકોમ વિભાગમાં અધિકારી છે, અને મને કહ્યું હતું કે તમારા નામે એક સિમકાર્ડ ખરીદવામાં આવ્યું છે જેનો ઉપયોગ લોકોની સાથે ફ્રોડ કે છેતરપિંડી કરવા થઇ રહ્યો છે. બાદમાં તેણે ફોન અનિલ યાદવને આપ્યો હતો, અનિલે દાવો કર્યો હતો કે પોતે ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી છે. અનિલે બાદમાં મારી પાસેથી મારી સંપત્તિ અને નાણાકીય વિગતો માગી હતી.

સાથે જ ૫૦ લાખ રૂપિયા માગ્યા હતા. મે લોન તેમજ અન્ય લોકો પાસેથી ઉધાર લઈને નાણા મોકલી આપ્યા હતા. જોકે તેમ છતા અમારી પાસેથી વધુ નાણા માગવામાં આવી રહ્યા હતા. હવે અમારી પાસે નાણા નથી અને અમારુ ધ્યાન રાખવાવાળુ કોઇ નથી માટે આ અંતિમ પગલુ ભરીએ છીએ. અમારા મૃતદેહને વિદ્યાર્થીઓના શિક્ષણ માટે મેડિકલ કોલેજમાં દાન કરવામાં આવે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક ડિયોગઝેરોન મહારાષ્ટ્રના સચિવાયલમાં કર્મચારી હતા અને નિવૃત્ત થઈને પત્ની સાથે ગામમાં જીવત વિતાવી રહ્યા હતા. તેમણે ગળે અને કાંડા પર ચાકુ મારીને આત્મહત્યા કરી હતી જ્યારે તેમની પત્નીએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. હાલ પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. મરતા પહેલા આ વૃદ્ધ દંપતીએ નોટમાં લખ્યું હતું કે અમારા આ પગલા માટે કોઈને પણ જવાબદાર ઠેરવવામાં ના આવે, હવે અમને જીવવાની કોઈ જ ઈચ્છા નથી રહી.

## ગુજરાતમાં હવામાનનો બેવડો માર! ૪ દિવસ મેઘગર્જના સાથે માવઠાની આગાહી



ગુજરાતનું વાતાવરણ બદલાયું છે, ત્યારે રાજ્યમાં હવામાનનું બેવડું સ્વરૂપ જોવા મળી રહ્યું છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી ૦૩ એપ્રિલ, ૨૦૨૫ સુધી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના સહિતના વિસ્તારોમાં મેઘગર્જના સાથે માવઠાની આગાહી કરી છે. તો બીજી તરફ, આવતીકાલે સોમવારે (૩૧ માર્ચ, ૨૦૨૫) રાજ્યના એક જિલ્લામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. આ સાથે ૦૧ એપ્રિલ સુધી ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.રાજ્યમાં મહત્તમ અને લઘુતમ તાપમાનમાં ફેરફાર જોવા મળી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે ભર ઉનાળે માવઠાના આગાહી કરી છે. જ્યારે આવતીકાલે ૩૧ માર્ચે પોરબંદર જિલ્લામાં હીટવેવને લઈને હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે અને દરિયાકિનારાના વિસ્તારોમાં બફારો અનુભવાશે. આ ઉપરાંત, આવતીકાલે સોમવારે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી રહેવાની શક્યતા છે.

## સુકમામાં ૨૫ લાખના ઈનામી સહિત ૧૮ નક્સલી ઠાર



સુકમા : છત્તીસગઢના નક્સલ પ્રભાવિત સુકમા જિલ્લામાં સુરક્ષદળોએ વધુ ૧૮ નક્સલીઓને ઠાર માર્યા હતા, માર્યા ગયેલા નક્સલીઓમાં ૧૧ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. જ્યારે એક નક્સલી પર ૨૫ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરાયું હતું જે પણ આ ઓપરેશનમાં ઠાર કરાયો હતો. ૧૦ દિવસમાં નક્સલીઓ સામે આ બીજુ મોટુ ઓપરેશન છે. સાથે જ રોકેટ લોન્ચર્સ સહિતના અનેક હથિયારો પણ જપ્ત કરાયા છે.

છત્તીસગઢમાં નક્સલીઓ સામે ચાલી રહેલા ઓપરેશનમાં આ વર્ષે આશરે ૧૫૦ જેટલા નક્સલીઓ માર્યા ગયા છે. જ્યારે સામેપક્ષે ૧૦ જેટલા જવાનો પણ શહીદ થઇ ચુક્યા છે. માર્યા ગયેલા નક્સલીઓ સામેના આ મોટાભાગના ઓપરેશન બસ્તર વિસ્તારમાં ચલાવવામાં આવ્યા હતા જેને નક્સલીઓનો ગઢ માનવામાં આવે છે. ૧૦ દિવસ પહેલા ૩૦ નક્સલી માર્યા ગયા હતા, જ્યારે તે પહેલા ૯ ફેબ્રુઆરીએ ૨૯ નક્સલીઓ માર્યા ગયા હતા. હાલમાં બિજાપુર અને બસ્તરના અન્ય જિલ્લામાં નક્સલી નેતાઓ સરેન્ડર કરી રહ્યા છે અથવા તો તેમનું એન્કાઉન્ટર થઇ રહ્યું છે.

## મ્યાનમારમાં મોતનું તાંડવ, મૃત્યુઆંક ૧૭૦૦ પહોંચ્યો, ઈજાગ્રસ્તો ૩૫૦૦, બ્લડ બેન્કોમાં લોહીની અછત



મ્યાનમારમાં શુક્રવારે આવેલા વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. સેંકડો ઈમારતોના કાટ માળમાંથી વધુ ને વધુ મૃતદેહો બહાર કાઢવામાં આવી રહ્યા છે, જેને પગલે દક્ષિણ-પૂર્વ એશિયન દેશમાં ભૂકંપમાં મૃત્યુઆંક વધીને ૧૭૦૦ને પાર થઈ ગયો છે જ્યારે ૩૫૦૦થી વધુ ઘાયલ થયા હોવાનું જણાવાયું છે. મ્યાનમારના ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં મોટાપાયા પર બચાવ અભિયાન પણ શરૂ કરાયું છે. ગઈકાલના ભૂકંપના આચકાથી લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે ત્યારે શનિવારે પણ લોકોએ ભૂકંપનો આંચકો અનુભવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૧ નોંધાઈ હતી. મ્યાનમારમાં છેલ્લા બે દિવસમાં ૧૬ વખત ધરતી ધ્રૂજી ઉઠી છે.

મીડિયા અહેવાલોથી વિપરિત દુનિયાના સૌથી ગરીબ દેશોમાંના એક મ્યાનમારની લશ્કરી સરકારે શનિવારે કહ્યું કે, ભૂકંપમાં ૧૦૦૨ લોકોનાં મોત થયા છે અને અન્ય ૨૩૭૦ લોકોને ઈજા પહોંચી છે જ્યારે ૩૦ લોકો લાપતા છે. નિવેદનમાં એમ પણ કહેવાયું છે કે હજુ અનેક જગ્યાએથી વિગતો આવવાની બાકી હોવાથી મૃત્યુઆંકમાં વધારો થઈ શકે છે. બર્મા તરીકે ઓળખાતું મ્યાનમાર લાંબા સમયથી ગૃહયુદ્ધમાં સપડાયું છે ત્યારે ભૂકંપ પીડિતો સુધી માનવીય સહાય પહોંચાડવી પણ મુશ્કેલ બની ગઈ છે. મ્યાનમારમાં શનિવારે પણ ૫.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્ર રાજધાની નેપીડો નજીક હોવાનું કહેવાયું હતું. આ સિવાય અનેક આફટર શોક્સ પણ આવ્યા હતા, જેમાં એકની તીવ્રતા ૪.૨ હતી.

મ્યાનમારની લશ્કરી સરકારે કહ્યું કે દેશની બ્લડ બેન્કો ખાલી થઈ ગઈ છે. તેમને મોટાપાયે લોહીની જરૂર છે. દેશમાં અગાઉની સરકારો વિદેશી સહાય મેળવવામાં ધીમી હતી, પરંતુ વડાપ્રધાન મિન ઔંગે કહ્યું કે, તેઓ વિદેશમાંથી આવતી સહાય સ્વીકારવા તૈયાર છે. યુરેશિયન અને ઈન્ડો-ઓસ્ટ્રેલિયન પ્લેટો વચ્ચે ઘર્ષણના કારણે મ્યાનમારમાં ભૂકંપનું જોખમ ખૂબ જ રહે છે. આંતરરાષ્ટ્રીય ભૂકંપીય કેન્દ્ર તરફથી જણાવાયેલા ભૂકંપના માપદંડો મુજબ વર્ષ ૧૯૯૦ થી ૨૦૧૯ સુધીમાં પ્રત્યેક વર્ષે મ્યાનમાર અને તેની આજુબાજુના વિસ્તારોમાં ૩.૦થી વધુ અથવા તેના જેટલી ભૂકંપની ૧૪૦ ઘટનાઓ નોંધાઈ હતી. આ બાબત દર્શાવે છે કે મ્યાનમાર મધ્યમ અને ઊંચી તીવ્રતાના ભૂકંપોના જોખમ પ્રત્યે સંવેદનશીલ છે, જેમાં તેના લાંબા દરિયાકિનારા સાથે સુનામીના જોખમનો પણ સમાવેશ થાય છે.મ્યાનમારના માંડલે શહેર નજીક સાગાઈંગમાં આવેલા ભૂકંપથી થાઈલેન્ડના બેંગકોક સિટીમાં પણ ગંભીર અસર થઈ હતી. બંને દેશોમાં અનેક બહુમાળી ઈમારતો તૂટી પડી છે. આ ઈમારતોના કાટમાળમાં જીવીત લોકોને શોધવાના પ્રયત્નો ચાલુ છે. મ્યાનમારની રાજધાની નેપીડોમાં શનિવારે સરકારી કર્મચારીઓએ રસ્તાઓનું સમારકામ, વીજપુરવઠો, ફોન અને ઈન્ટરનેટ સેવાઓ પુનઃ શરૂ કરવાનું કામ શરૂ કર્યું છે. ભૂકંપના કારણે નેપીડોમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કંટ્રોલ ટાવર તૂટી પડ્યું હતું.

## મ્યાનમારમાં કચ્છ જેવી સ્થિતિ, લાખો લોકોએ માર્ગો પર રાત વીતાવી, ઘરમાં જતાં જ ડરે છે

ગુજરાતના કચ્છમાં ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ ૭.૬ની તીવ્રતાનો જે ભૂકંપ આવ્યો હતો તેને યાદ કરીને આજે પણ લોકો શમશમી જાય છે. ત્યારે સમગ્ર ગુજરાતના લોકોના ચહેરા પર ભૂકંપને લઈને ભય દેખાઈ આવતો હતો. લોકો ઘરમાં જઈને સૂતા પણ ડરતા હતા કેમ કે અવારનવાર આફટરશોક આવતા હતા. તે સમયે લગભગ ૨૦૦૦૦ના મોત તથા દોઢ લાખથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જોકે હવે આવી જ કંઈક સ્થિતિ મ્યાનમારમાં આવેલા ભૂકંપ બાદ જોવા મળી રહી છે.

મ્યાનમારમાં ૭.૭ અને પછી ૭.૨ ની તીવ્રતાના એક પછી એક ભૂકંપ બાદ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મ્યાનમાર પહેલાથી જ રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યું હતું. તે જ સમયે, ભૂકંપ પછી પણ



રાહત અને બચાવ કાર્ય યોગ્ય રીતે થઈ રહી નથી. માળખાગત સુવિધાઓ અને રસ્તાઓને થયેલા નુકસાનને કારણે રાહત સામગ્રી સ્થળ પર પહોંચવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ભૂકંપ પછીના આંચકાઓના ડરથી, હજારો લોકો પોતાના ઘર છોડીને રસ્તાઓ પર સૂઈ જવા મજબૂર છે.

## પાવાગઢ પગપાળા રથનું પ્રસ્થાન કરાયું



ચૈત્રી નવલી નવરાત્રીનો આજથી પ્રારંભ થઈ ગયો છે.સર્વત્ર ધાર્મિક માહોલ વચ્ચે ગોધરાના વાવડી બુઝર્ગ ખાતેથી રથ સાથે પગપાળાનો જતા પદયાત્રીઓના સંઘને આજે ધારાસભ્ય સી.કે રાઉલજીએ પ્રસ્થાન કરાવી તમામ પદયાત્રીઓની યાત્રા સફળ રહે માતાજી સૌ ભાવિકોની મનોકામના પૂર્ણ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

## રાજપીપલામાં ચૈત્રી નવરાત્રીનો મેળો...




જીતેન્દ્રસિંહ સોલંકી -રિયા સતી રાજવી નગરી રાજપીપલા ખાતે આવેલ અતિ પ્રાચીન મહાકાલી મંદિર ચૈત્ર નવરાત્રીનો મેળો ભરાય છે.આજુબાજુમાંથી ભાવિક ભક્તો મોટી સંખ્યામાં બંન્ને ટાઈમ આરતી,દર્શન માટે ઉમટી પડતા હોય છે.આ નવરાત્રી સમય દરમ્યાન ભરતાા લોકમેળાની મોજ માણી માતાજીના દર્શન અનો પ્રસાદીનો લ્હાવો લઈ ધન્યતા અનુભવે છે.-અખંડ ભારત

## હત્યાની ફરિયાદ પરત લેવા ધમકીઃ૩ શખ્સોએ ચપ્પુ બતાવી યુવતી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી

અમદાવાદમાં અસામાજિક તત્વોના વધતા ત્રાસ વચ્ચે વધુ એક બનાવ સામે આવ્યો છે.જેમાં રાણીપમાં થોડા દિવસ અગાઉ એક યુવકની હત્યા થઈ હતી.આ અંગે યુવકના પરિવારે હત્યાની ફરિયાદ નોધાવતા પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી.ત્યારે આરોપીના સંબંધીઓએ ફરિયાદી પરિવારના ઘરે ચપ્પુ લઈ જઈને ગાળો આપી ફરિયાદ પાછી ખેંચી લેવા ધમકી આપી હતી.આ અંગે અંગે યુવતીએ રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોધી તપાસ શરૂ કરી છે. રાણીપમાં રહેતી નિધિ સાલ્વીએ રાણીપ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી છે કે, ૧૭ ફેબ્રુઆરીએ તેમના દિયર શંકરની પ્રેમ સંબંધમાં અદાવત રાખીને સંજય ઠાકોર,ગોપાલ ઠાકોર તમને તેમના મિત્રોએ છરી મારી હત્યા કરી દીધી હતી.આ અંગે રાણીપ પોલીસ આરોપીઓની ધરપકડ કરી હતી.આ બાબતની અદાવત રાખીને ૧૮ માર્ચે રાતના ૨ વાગે નિધીબેન અને તેમનો પરિવાર સૂતો હતો ત્યારે બહાર કેટલા લોકો ગાળો બોલી રહ્યા હતા જેથી તે તેમને ઘરની લાઈટ ચાલુ કરી તેમના ઘરની બહાર આવ્યા ત્યારે હત્યાના આરોપી પવન ઠાકોરનો મોટો ભાઈ દશરથ ઠાકોર, જયુ ઠાકોર અને વિશાલ ઠાકોર નામના ત્રણ શખ્સો આવ્યા હતા.ત્રણેય જણા ગાળો બોલતા હતા.

## તહેવારો આપણે વિવિધતામાં એકતાના દર્શન કરાવે છે-મોદી

મન કી બાત કાર્યક્રમના ૧૨૦મા એપિસોડમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ચૈત્ર નવરાત્રી, ગુડી પડવા અને ભારતીય નવા વર્ષની શુભેચ્છા પાઠવી. પીએમ મોદીએ કહ્યું કે 'આજે ચૈત્ર નવરાત્રીના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિ છે. આજથી ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે. ભારતીય નવું વર્ષ પણ આજથી શરૂ થઈ રહ્યું છે. આ વિક્રમ સંવત ૨૦૮૨ ની શરૂઆત છે. તેમજ આજે ગુડી પડવાનો દિવસ છે. આ ખૂબ જ શુભ દિવસ છે, હું મારા દેશવાસીઓને શુભ તહેવારની શુભેચ્છા પાઠવું છું. આ તહેવારો આપણને ભારતની વિવિધતામાં એકતાનો અહેસાસ કરાવે છે.આ સમય દરમિયાન, બાળકોએ નવી વસ્તુઓ શીખવી જોઈએ જન ઔષધિ કેન્દ્રો કેવી રીતે કાર્ય કરે છે. વાઈબ્રન્ટ વિલેજ ઝુંબેશ,આંબેડકર જયંતિ પર કૂચમાં ભાગ લઈને તમે બંધારણ વિશે જાગૃતિ ફેલાવી શકો છો.લોકોને પાણી બચાવવાની અપીલ કરતા પીએમ મોદીએ કહ્યું કે વરસાદના ટીપાંનું સંરક્ષણ કરીને આપણે ઘણું પાણી બગાડતા બચાવી શકીએ છીએ. છેલ્લા કેટલાક વર્ષોમાં, આ અભિયાન હેઠળ દેશના ઘણા ભાગોમાં જળ સંરક્ષણનું અભૂતપૂર્વ કાર્ય કરવામાં આવ્યું છે. છેલ્લા ૭-૮ વર્ષોમાં ટાંકીઓ, તળાવો અને અન્ય પાણી રિચાર્જ ટેકનોલોજીઓ દ્વારા ૧૧ અબજ ઘન મીટર પાણીનું સંરક્ષણ કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ કર્ણાટકના ગડગ જિલ્લામાં ગ્રામજનો દ્વારા સુકાઈ ગયેલા તળાવોના પુનર્જીવન વિશે વાત કરી. તેમણે કહ્યું કે આ કેચ ધ રેઈન અભિયાનનું એક ઉત્તમ ઉદાહરણ છે.



ગુજરાતના પાટનગર ગાંધીનગર ને અડીને આવેલ સાબરમતી નદીથી પૂર્વ તરફ નું પ્રસિદ્ધ ગામ એટલે પાલજ ગામ.આ ગામની અંદર વર્ષોથી ખૂબ વિશાળ પાયે હોલિકા દહન કરવામાં આવે છે. ઠેર ઠેરથી લોકો દર્શનાર્થે પણ આવે છે. એવી જ રીતે પાલજ ગામની અંદર મહાકાલી માતાજીનું પૌરાણિક મંદિર આવેલું છે. ચૈત્રી નવરાત્રીના શુભ અવસરે પાલજ મહાકાલી મંદિરે પણ મા કાલિકાના પૂજન માટે સરસ મજાનું આયોજન કરવામાં આવેલ છે .ચૈત્રી નવરાત્રી નો ઉત્સવ ખૂબ સુંદર રીતે અત્રે ઉજવવામાં આવે છે. એવા પ્રસિદ્ધ ગામ પાલજ મહાકાળી માતાજી મદિર ખાતે દોડી આવી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવતા જોવા મળ્યા હતા.-અખંડ ભારત

## તલોદમાં ચેટીચાંદ પર્વની ઉલ્લાસભેર ઉજવણી




તલોદ નગરમાં ચેટીચાંદ પર્વની ઉજવણીને આજે સિંધી ભાઈ-બહેનોમાં અનેરા ઉમંગ અને ઉત્સાહ સાથે ભગવાન ઝુલેલાલની પૂજા-અર્ચના કરી ભગવાનની શોભાયાત્રા વાજતે ગાજતે કાઢવામાં આવતા તેમાં તમામ ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાઈ નાચા ગાન સાથે ઝૂમી ઉઠ્યા હતા.ચેટીચાંદ પર્વ હોઈ આજે તલોદ ટાવર ચોક,માતાજીના ચોક સાથે પ્રસાદી વિતરણ કરવામાં આવી હતી.તેમજ શોભાયાત્રા બાદ રાત્રી મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવતા સૌ સમાજના ભાઈ-બહેનો,વડીલો પ્રસાદીનો લ્હાવો લીધો હતો.આ તબક્કે સમાજના સુનિલભાઈ, હરેશભાઈ (વાઘબકરી) પ્રબેજા, શ્રીચંદભાઈ,સહિત સમાજના આગેવાનો,યુવાનો,જ્ઞાતિબંધુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.-અખંડ ભારત

## મેવાસામાં યજ્ઞ યોજાયો



સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામે મહેતા પરિવારના યજમાન પદે ચેત્રી નવરાત્રીના પાવન દિવસે યજ્ઞનું આયોજન કરવામાં આવતા સ્થાનિકો મોટી સંખ્યામાં આ ધાર્મિક પ્રસંગમાં સહભાગી થઈ દર્શન અને પ્રસાદીનો લાભ લઈ ધન્ય બન્યા હતા. -અખંડ ભારત

## રહેણાક મકાનમાં લાખોની ચોરી : બારી તોડી તસ્કર ઘરમાં પ્રવેશી ઘરમાંથી ૬.૭૦ લાખના દાગીના અને ૫ લાખની રોકડ ચોરી કરી ફરાર




થલતેજમાં પરિવાર રાત્રે સૂતો હતો ત્યારે ચોર ઘરમાં બારીના સળિયા તોડી પ્રવેશ્યો અને ઘરમાંથી ૬.૭૦ લાખના દાગીના અને ૫ લાખ રોકડા એમ ૧૧.૭૦ લાખ રૂપિયાની ચોરી કરી હતી. આ અંગે મહિલાએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.થલતેજમાં આદિત્ય રેસીડેન્સીમાં રહેતા ઈશિતા પટેલે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, ૨૭ માર્ચે તેઓ તેમના પતિ અને બાળક સાથે ઉપરના માળે સુઈ ગયા હતા. ૨૮ માર્ચે સવારે નીચે આવ્યા ત્યારે તેમના સાસુના બેડરૂમનો દરવાજો અંદરથી બંધ હતો. જો કે, સાસુ બહારગામ ગયા હતા અને દરવાજો ખુલ્લો હતો, પરંતુ રાત્રે અચાનક જ દરવાજો બંધ થઈ ગયો જેથી તેમણે તપાસ કરી તો બેડરૂમમાં લાગેલી બારીના સળિયા તૂટેલા હતા. તેઓ બારી મારફતે રૂમમાં ગયા ત્યારે રૂમમાં બધો સામાન વેરવિખેર પડેલો હતો. તેમણે તપાસ કરી તો બેડરૂમમાંથી અલગ અલગ ૬.૭૦ લાખ રૂપિયાના દાગીનાની ચોરી થઈ હતી. આ ઉપરાંત ૫ લાખ રૂપિયા રોકડાની પણ ચોરી થઈ હતી. તેમના સાસુ ફરીને પરત આવતા આ અંગે તેમણે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

## ડીસામાં શ્રી ઉમિયા માતાજીનો દિવ્ય રથ પરિભ્રમણ ઠેર ઠેર સ્વાગત કરે




ડીસા શહેરમાં રહેતા સમસ્ત પાટીદાર ભાઈઓ દ્વારા ઉમિયા માતા જીના દિવ્ય રથનું ભવ્ય આયોજન કરવામાં આવેલું હતું ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું ઉમિયા ધામ અમદાવાદ ખાતે બની રહ્યું છે તેના માટે બનાસકાંઠાના પાલનપુર થી ગણેશપુરા ઉમિયા માતાજી નો રથ વહેલી સવારે નીકળી ડીસા પ્રસ્થાન કર્યું હતું આ ઉમિયા માતાજીનો રથ ડીસા એપીએમસી માર્કેટ આગળ પધારેલ ત્યાં સમસ્ત પાટીદાર ભાઈઓ દ્વારા ભવ્ય બાઈક રેલી કાઢીને સ્વાગત કરવામાં આવેલું આ રથ ડીસા પટેલ સોસાયટી માં આવેલ ત્યાં ઉમિયા માતાજીના રથનું આગમન થતાં સમસ્ત પાટીદાર ભાઈઓ દ્વારા ભવ્ય આરતી કરવામાં આવેલી ત્યારબાદ શોભાયાત્રા ના સ્વરૂપે ડીસા શહેરના માર્ગો ઉપર ફરીને દિશામાં મહારાણા પ્રતાપ હાઈસ્કૂલ ખાતે આવેલ ત્યાં આરતી કરીને ભોજન પ્રસાદનો લાભ આપવામાં આવેલો. આ ઉમિયા માતાજીના રથનું ઠેર ઠેર જગ્યાએ સ્વાગત કરવામાં આવેલું સેવાભાવી સંસ્થાઓ દ્વારા છાસ કોલ્ડીંગ સેવ બુંદી નો પ્રસાદ આપવામાં આવેલો ઉમિયા માતાજી નો રથ પટેલ સોસાયટીમાં આવતા દિશાના ધારાસભ્ય પ્રવીણભાઈ માળી જિલ્લા મહામંત્રી કનુભાઈ વ્યાસ સંજયભાઈ બ્રહ્મભટ્ટ કિસ્સા શહેર ભાજપ પ્રમુખ વર્ષાબેન પટેલ મહામંત્રી અશોકભાઈ પટેલ કનુભાઈ જોશી ભારતીબેન પટેલ બહાદુરસિંહભાઈ વાઘેલા નરસિંહભાઈ વાઢેર ડીસા ભાજપના તમામ કાર્યકર્તાઓ યુવા મોરચાના કાર્યકર્તાઓ નગરપાલિકાના કોર્પોરેટરો હાજરી આરતી કરવામાં આવેલી અને સ્વાગત કરવામાં આવેલું સમગ્ર આયોજન પાટીદાર સમાજના કન્વીનર વિરેન્દ્રભાઈ જે પટેલ પાટીદાર સમાજના યુવા પ્રમુખ રાકેશભાઈ એસ પટેલ ડોક્ટર ગિરધરભાઈ પટેલ વિઠ્ઠલભાઈ પટેલ રમેશભાઈ પટેલ ડીસા શહેરમાં રહેતા પટેલ સમાજના ભાઈઓ દ્વારા વિવિધ કમિટી બનાવીને સરસ આયોજન કરવામાં આવ્યું હતું વિનોદ બાંડીવાળા ડીસા

## પાટણના કાલિકા મંદિરે ચૈત્રી નવરાત્રિનો ભવ્ય પ્રારંભઃમાતાજીને અમેરિકન-ઓસ્ટ્રેલિયન ડાયમંડના આભૂષણો અને કલકત્તા-મુંબઈના ફૂલોની આંગી





પાટણના રાણકીવાવ નજીક આવેલા પ્રાચીન કાલિકા મંદિરમાં ચૈત્રી નવરાત્રિના નવ દિવસીય મહોત્સવનો ભક્તિમય વાતાવરણમાં પ્રારંભ થયો છે. મંદિરમાં કાલિકા માતાજી અને ભદ્રકાળી માતાજીને દરરોજ અલગ-અલગ આંગી કરવામાં આવશે.પ્રાચીન પાટણ નગરના રાજા સિદ્ધરાજ જયસિંહે સ્થાપેલા આ મંદિરમાં માતાજી સ્વયંભૂ પ્રગટ થયા હતા. આજે ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસે પૂજારી અશોકભાઈ વ્યાસે માતાજીનો વિશેષ શૃંગાર કર્યો હતો. માતાજીને પુષ્પમાળા અને વિદેશથી મંગાવેલા અમેરિકન તેમજ ઓસ્ટ્રેલિયન ડાયમંડના આભૂષણોથી સજાવવામાં આવ્યા હતા. કલકત્તા અને મુંબઈના રંગબેરંગી ફૂલોથી નયનરમ્ય આંગી સજાવવામાં આવી હતી.નવરાત્રિ દરમિયાન સવારે ૧૦:૧૦ કલાકે પ્રાતઃ શૃંગાર આરતી અને સાંજે ૭:૦૦ કલાકે સાંધ્ય આરતી થશે. રાત્રે ૯:૩૦ સુધી શૃંગાર દર્શન ચાલુ રહેશે. ૧૫ વર્ષની પરંપરા મુજબ, ચૈત્રી આઠમ અને નોમ (૫-૬ એપ્રિલ ૨૦૨૫)ના રોજ અમદાવાદની સપ્તક શાસ્ત્રીય સંગીત સંસ્થાના કલાકારો શાસ્ત્રીય સંગીત અને નૃત્યની પ્રસ્તુતિ કરશે. બીજા દિવસે પાટણના કલાકારો ભજન-કીર્તન કરશે.

## હરસોલ નજીક ટ્રકના ટાયરમાં આગ ભભૂકી ઉઠી



ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે આજે બપોરના સુમારે હરસોલ -તલોદ રોડ ઉપરથી પસાર થતી એક કપચીની ટ્રકમાં એકાએક પાછળના ભાગમાં ડ્રાઈવર સાઈડના ટાયર ફુટયા બાદ એકાએક આગ ભભૂકી ઉઠતા ટ્રકના ટાયરો આગની જવાળામાં ભડભડ સળગી ઉઠતા આગના બનાવ અંગે તલોદ ન.પા.ફાયર ફાઈટરને જાણ કરવામાં આવતા ફાયર બિગ્રેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ સતત પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.ટ્રકના ટાયરોમાં આગ એટલી હદે વિકરાટ ભભૂકી ઉઠી હતી કે આગના ધૂમાડાના ઘોટેઘોટા નિકળતા આસપાસમાંથી સ્થાનિકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા.સદનસીબે કોઈ જાનહાની નહી થતાં સ્થાનિકો રાહતનો શ્વાસ લીધો હતો.-અખંડ ભારત

# દિવ્યાંગ મહિલાએ સાસરિયાના ત્રાસથી આપઘાત કર્યો:પતિના પ્રેમ પ્રકરણ બાદ દિયર-દેરાણીએ વધુ કામ કરાવ્યું, નવી પત્ની લાવવા માટે ઘર છોડવાનું દબાણ કર્યું

સિધ્ધપુર તાલુકાના બિલિયા ગામમાં એક દિવ્યાંગ મહિલાએ સાસરિયાના ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી લીધી છે. પોલીસે આ મામલે મહિલાના પતિ સહિત સાસરિયા પક્ષના ચાર લોકો સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. ૩૫ વર્ષીય સવિતાબેને ઉધઈ મારવાની દવા પી લીધી હતી. તેમને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.




૨૦૧૨માં સવિતાબેનના લગ્ન દિલીપભાઈ પટેલ સાથે થયા હતા. બંને દિવ્યાંગ હતા. શરૂઆતમાં તેમનું દાંપત્યજીવન સુખી હતું અને તેમને એક પુત્ર પણ હતો. પરંતુ બાદમાં દિલીપભાઈને અન્ય યુવતી સાથે પ્રેમ સંબંધ થયો હતો. ત્યારબાદ તેઓ સવિતાબેનને મારઝૂડ કરવા લાગ્યા હતા અને છેવટે પ્રેમિકા સાથે ઘર છોડીને જતા રહ્યા હતા. મૃતકના ભાઈ મહેશભાઈના આરોપ મુજબ, દિયર અને દેરાણી સવિતાબેન પાસે તેમની અપંગતા છતાં વધારે કામ કરાવતા હતા. સાસરિયાઓ તેમને ઘર છોડી જવાનું દબાણ કરતા હતા જેથી દિલીપભાઈ નવી પત્ની લાવી શકે.

સવિતાબેને પહેલા પણ તેમના પિયરમાં સાસરિયાના ત્રાસની વાત કરી હતી. પરિવારજનોએ તેમને સમજાવ્યાં હતા, પરંતુ આખરે તેમણે ૨૧ માર્ચના રોજ ઝેરી દવા પી લીધી. પોલીસે આ કેસમાં વધુ તપાસ શરૂ કરી છે.

# ગુજરાતની ૭ વર્ષની દીકરીએ રચ્યો ઈતિહાસ: અંડર-૭ ગર્લ્સ કેટેગરીમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો

ગુજરાતની માત્ર ૭ વર્ષની ચેસ ખેલાડી વાકા લક્ષ્મી પ્રજ્ઞિકાએ ઈતિહાસ રચી દીધો છે. લક્ષ્મીએ સર્બિયાના વૃન્જાકા બાંજામાં યોજાયેલી ફિડે વર્લ્ડ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપ-૨૦૨૫માં અંડર-૭ ગર્લ્સ કેટેગરીમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો છે. સુરતની પહેલાં ધોરણમાં અભ્યાસ કરતી ખેલાડીએ ચેસની દુનિયામાં વૈશ્વિક સ્તરે જબરજસ્ત સફળતા મેળવતા તમામ નવ રાઉન્ડ જીતી લીધા હતા અને નવ પોઈન્ટ સાથે ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

પ્રજ્ઞિકાના પિતા વાકા રામનાધે જણાવ્યું કે, હું વર્ષ ૨૦૦૦થી સુરતમાં સ્થાયી થયો છું.



મારી મોટી દીકરી વરેણ્યા ચેસ રમે છે અને તેને જોઈને નાનકડી પ્રજ્ઞિકાએ પણ ચેસમાં રસ લેવાનું શરુ કર્યું હતું. તેણે હજુ દોઢ વર્ષથી જ ચેસ રમવાનું શરુ કર્યું હતું. પંદર મહિનામાં ત્રણ વખત તો પ્રજ્ઞિકા સ્ટેટ ચેમ્પિયન રહી ચૂકી છે અને ચાલુ વર્ષે જ આંધ્રપ્રદેશના રમાયેલી નેશનલ સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ અંડર-૭માં ગર્લ્સ કેટેગરીમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ તેની પસંદગી ભારતીય ટીમમાં થઈ હતી.

# રાધનપુરમાં વેપારીઓનો આક્રોશ:૩ માસમાં ૮ ચોરી છતાં પોલીસ નિષ્ક્રિય

રાધનપુર શહેરમાં વેપારી એસોસિયેશને ગંભીર મુદ્દો ઉઠાવ્યો છે. છેલ્લા ત્રણ માસમાં થયેલી ૮ જેટલી ચોરીઓના કિસ્સામાં પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને લઈને વેપારીઓએ ધારાસભ્ય લવિંગજી ઠાકોર અને DYSP ડી.ડી. ચૌધરીની હાજરીમાં મીટિંગ યોજી હતી.રામવાડી ખાતે યોજાયેલી આ મિટિંગમાં વેપારીઓએ ગંભીર આરોપો મૂક્યા હતા. તેમના જણાવ્યા મુજબ, કેટલીક ચોરીઓની ફરિયાદ પોલીસ લેતી જ નથી. વળી, નોંધાયેલી ફરિયાદોમાં પણ કોઈ પ્રગતિ થઈ નથી. એક પણ ચોર કે ચોર ગેંગ પકડાઈ નથી.

વેપારીઓએ સલામતીની ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે રાત્રે પોલીસ પેટ્રોલિંગ વધારવાની માગણી કરી હતી. જો આગામી સમયમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો વેપારીઓએ નાયબ કલેક્ટર કચેરી ખાતે ભૂખ હડતાળ પર બેસવાની ચીમકી આપી છે.વેપારી પ્રતિનિધિ મંડળે જણાવ્યું કે જરૂર પડયે તેઓ ગુજરાત રાજયના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી સુધી રજૂઆત કરવા જશે. વેપારીઓની માગણી છે કે ચોર ગેંગને તાત્કાલિક ધોરણે પકડવામાં આવે અને રાધનપુરના બજારોમાં રાત્રે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે.રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોરે જણાવ્યું હતું કે, તે ચોરીનો ભેદ ટૂંક જ સમયમાં ઉકેલાવી દેવા તંત્ર કટીબદ્ધ છે અને શહેરમા ચોરીઓ જે કંઈ થઈ છે. તમામ ચોરીઓ પકડાઈ જશે અને ચોરોને જલ્દી ઝડપી લેવામાં આવશે અને જરૂર પડે તો હું વેપારીઓ સાથે જ છું તેવું જણાવ્યું હતું.

# પાલિતાણાના હસ્તગીરી ડુંગર પર મોડી રાત્રે લાગી આગ, વન્ય જીવોને લઈ વન વિભાગની વધી ચિંતા

ભાવનગરના પાલિતાણા હસ્તગીરી ડુંગર પર મોડી રાત્રે ભીષણ આગ લાગી હતી. ફોરેસ્ટ રેવન્યુ વિસ્તારમાં આગ લાગવાના કારણે નાસભાગ મચી ગઈ હતી. જોકે, આગની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમે તાત્કાલિક ધોરણે આગ પર કાબૂ મેળવી લીધો હતો. મળતી માહિતી મુજબ, પાલિતાણા હસ્તગીરી ડુંગર પર રેવન્યૂ વિસ્તારમાં મોડી રાત્રે આગ લાગી હતી અને તુરંત જ તે જંગલમાં ફેલાઈ ગઈ હતી. સમગ્ર ઘટનાની જાણ થતાં વન વિભાગ અને ફાયર વિભાગ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી હતી. સમયસૂચકતાના કારણે ટૂંક સમયમાં જ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.નોંધનીય છે કે, હસ્તગીરી ડુંગર પર અનેક વન્યજીવો વસવાટ કરે છે. એવામાં આ પ્રાણીઓને લઈને વન વિભાગની ચિંતા વધી છે. જોકે, હજું સુધી કોઈ જાનહાનિની માહિતી સામે આવી નથી. વન વિભાગ દ્વારા કોઈ પશુને આગના કારણે નુકસાન થયું છે કે કેમ તે વિશે તપાસ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ સામે નથી આવ્યું.

# જેતપુર ખાતે નાટક યોજાયું




જેસીઆઈ જેતપુર દ્વારા આયોજિત મેગા પ્રોજેક્ટ "કાકા ૨૪ કેરેટના" નાટક નું સુંદર આયોજન કરવામાં આવતા સ્થાનિકો મોટી સંખ્યામાં નાટક નિહાળ્યું હતું.આ તબક્કે સંસ્થા ના પ્રમુખ જે સી રમેશ માલવિયા અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# હારિજમાં હાઈવે ઉપર વરસાદી પાણી ભરાવવાની સમસ્યા હલ કરવા માટે સ્ટ્રોમ વોટર લાઈન નંખાશે

હારિજ નગર પાલિકાના સભાખંડમાં નવીન ચૂંટાયેલા સદસ્યોની મોકૂફ રખાયેલ સામાન્ય સભા શનિવારે ફરી મળી હતી.જેમાં પાલિકા દ્વારા આગામી વર્ષ વર્ષ ૨૦૨૫-૨૬ માં કુલ ૨૮.૪૭ કરોડની આવક સામે ૧૯.૮૬ કરોડ ખર્ચે રજુ કરો ૮.૧૮ કરોડની પૂરાંત વાળું બજેટ કોંગ્રેસના સભ્યોના વિરોધ વચ્ચે મંજુર કરાયું હતું.જેમાં મુખ્ય શહેરમાં જૂની સમસ્યાઓ હલ કરવા તેમજ નવી સુવિધા માટેના પ્રોજેકટને બહાલી આપવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે શહેરમાં હાઈવે ઉપર ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર લાઇન નાખવાનું આયોજન કરાયું છે.



હારિજ નગરપાલિકામાં પ્રમૂખ ધરતીબેન ઠકકર ચીફ ઓફિસર આશિષભાઇ દરજી ઉપપ્રમૂખ કિંજલબેન મહેતાના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા યોજાઈ હતી.જેમા રજુ કરેલ બજેટને ૧૮ ભાજપના સભ્યોએ સંમતી આપી હતી જ્યારે કૉંગ્રેસ ના ૬ સભ્યો અસંમતી દર્શાવી હતી.છતાં બહુમતીના જોરે બજેટ મંજુર કરાયું હતું.નગરના નવીન વિકાસ કામોના એજન્ડા મૂજબ લેગેસી વેસ્ટ પ્રોજેક્ટ વિવેકાધિન ૨૦૨૫-૨૬ અયોજન હોડિંગ્સ ટેન્ડર નવા વાર્ષીક ભાવો વરસાદી પાણી નિકાલ સ્ટ્રોમ વૉટર લાઇન યોજના બનાવવા તેમજ પાણીની સુવિધા વધારવા હાઈવે વિસ્તારમા નવીન વૉટર વર્ક્સ પ્રોજેક્ટ કરવો નગર પાલિકા હદ વિસ્તાર નક્કી કરવો,ગોકુલ નગર ટ્યુબવેલ પર નવીન પાણીની ટાંકી બનાવવી,જેવા આગામી સમયમા કરવાના વિકાસ કામોની કરાઇ હતી. તેમજ પ્રમૂખ સ્થાને થી વન નેસન વન ઈલેક્શન ઠરાવ બહુમતી થી પાસ કરવામાં આવ્યો હતો.

# હિંમતનગરમાં સવા કરોડના ખર્ચથી નિર્મિત એમ્યુઝમેન્ટ પાર્કના ૧૬ સ્ટોલ ૧૩ વર્ષથી બંધ

હિંમતનગરમાં સવા કરોડના ખર્ચે નિર્મિત એમ્યુઝમેન્ટ પાર્કના ૧૬ સ્ટોલ ૧૩ વર્ષથી બંધ છે. નગરપાલિકાએ સંબંધિત વિભાગમાં ફાઇલ મોકલી પણ હેતુફેરનો પ્રશ્ન ઉકેલાયો નથી. એમ્યુઝમેન્ટ પાર્કમાં આવતા લોકોને પાણી તેમજ નાસ્તા માટે વલખા મારવા પડે છે.

હિંમતનગર નગરપાલિકા દ્વારા ૫ એપ્રિલ, ૨૦૦૮ના રોજ સવા કરોડના ખર્ચે એમ્યુઝમેન્ટ પાર્ક શરૂ કરાયો હતો. શહેરના લોકો માટે હરવા-ફરવા અને મનોરંજન માટે લાખો રૂપિયાનો ખર્ચ કરીને આ પાર્ક બનાવાયો હતો. બે વર્ષ પછી તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહિલા પ્રમુખની હાજરીમાં પાર્કિંગ અને ૧૬ સ્ટોલ ખુલ્લા મૂક્યા હતા. આ સ્ટોલ ખાણી-પીણી માટે બનાવાયા હતા. વાણિજયક હેતુ હોવાથી જમીનનો હેતુફેર જરૂરી હતો. નગરપાલિકાએ સંબંધિત વિભાગમાં ફાઇલ મોકલી હતી. પરંતુ હજુ સુધી નિર્ણય આવ્યો નથી.હેતુફેરનો પ્રશ્ન ઉકેલાયો નથી. જેના કારણે સ્ટોલ અને પાર્કિંગનો ઉપયોગ થયો નથી. હાલ આ તમામ સ્ટોલ ખંડેર બની ગયા છે. મરામતની જરૂર છે. નગરપાલિકા પ્રમુખ વિમલ ઉપાધ્યાયે જણાવ્યું કે હેતુફેર માટેની ફાઇલ નિર્ણયના તબક્કે છે. નિર્ણય આવ્યા બાદ સ્ટોલનું સમારકામ કરીને ફરી શરૂ કરાશે. ૧૭ વર્ષથી આ પાર્ક અને સ્ટોલ વપરાશ વગર પડયા છે. કાયદાની ગુંચળમાં પ્રશ્ન અટવાયો છે. હાલના સત્તાવાળાઓ પણ નિર્ણયની રાહ જોઈ રહ્યા છે.

# ગાંધીનગર વિધાનસભા ખાતે સ્પર્ધા યોજાઈ




વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ ગુજરાત અંતર્ગત આજ રોજ ગુજરાત વિધાનસભા ખાતે સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ જેમાં નિર્ણાયક તરીકે ધારાશાસ્ત્રી ડૉ અશ્વિન ત્રિવેદી એ જવાબદારી નિભાવી ૧૪૦ યુવક યુવતી ઓએ ગુજરાત માંથી ભાગ લીધેલ જેમાં થી ૩ વિજેતાઓ ને દિલ્હી વિધાનસભા માં પોતાનું વ્યક્તવ્ય આપશે અ પ્રસંગે ગુજરાત વિધાનસભા ના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને ગાંધીનગર ના મેયર મીરાબેન પટેલ ઉપસ્થિત હતા-અખંડ ભારત

# માંડવળ ખાતે એવોર્ડ સેરેમની યોજાઇ



ઈન્દ્રેશભાઈ - શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ વિસાવદર સંચાલિત શ્રી વી ડી પટેલ શૈક્ષણિક સંકુલ માંડાવળ ખાતે તારીખ ૨૯ /૩ /૨૦૨૫ ના રોજ ધોરણ બાલવાટિકા થી ૧૨ સાયન્સ તથા કોમર્સ ના તેજસ્વી તારલાઓ અને વર્ષ દરમિયાન શાળામાં થતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં બાળકો દ્વારા કરવામાં આવેલ ઉત્કૃત કાર્યને બિરદાવા માટે શાળા દ્વારા એવોર્ડ સેરેમની યોજી દરેક બાળકોને પ્રોત્સાહિત ઇનામનું વિતરણ કરવામાં આવેલ હતું જેથી બાળકો આવનારા સમયમાં બાળકો વધુ ને વધુ શિક્ષણ સિવાયની અન્ય જીવન નૈતિક પ્રવૃત્તિઓમાં વધારેમાં વધારે ભાગ લે તે હેતુથી દરેક બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા આ કાર્ય કર્મ મા ઉપસ્થિતિ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જે કે ઠેસીયા તથા ટ્રસ્ટીશ્રી રીટાયર્ડ ટીડીઓ શ્રી પટેલ કેમ્પસ ડિરેક્ટર પાદરીયા તથા પ્રિન્સિપાલ શ્રી વાડોદરિયા મહેશ ભાઈ સોજીત્રા પરેશભાઈ. શૈલેષભાઈ રાદડિયા ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# નગરાળા ખાતે પીયર એજ્યુકેટર ની મિંટીગ યોજાઈ

વિપુલ બારીયા - દાહોદ તાલુકાના નગરાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ ઉદય ટીલાવત અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. ભગીરથ બામણીયા ના માર્ગદર્શન હેઠળ નગરાળા પીએચસી ના મેડિકલ ઓફિસરના સહયોગથી આરકેએસકે પ્રોગ્રામ અંતર્ગત બધાજ સબ સેન્ટર ના પિયર એજયુકેટરને બોલાવી મીટીંગ કરવામાં આવી હતી જેમાં આરકેએસકે પ્રોગ્રામ અંતર્ગત પિયર એજયુકેટર ને કિશોર અને કિશોરીઓમાં શારીરિક માનસિક તેમજ ભાવનાત્મક ફેરફાર સિકલસેલ એનિમિયા રોડ



ટ્રાફિક એક્સિડન્ટ,ચેપી બિન ચેપી રોગો તેમજ ધોરણ ૧૦ અને ૧૨ ના કયા ક્ષેત્રમાં કયા વિષય સાથે આગળ વધી શકાય તે વિશે સલાહ અને માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ આ પિયર એજ્યુકેટર જો તેમના ગામ અને ફળિયામાં સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આપે અને જો કોઈ કિશોર કિશોરીને સ્વાસ્થ અંગે કોઈ મૂંઝવણ હોય તો કિશોર અને કિશોરી આરોગ્ય કેન્દ્ર સુધી પહોચતા થાય.તેમજ પિયર એજ્યુકેટરને પ્રોત્સાહનરૂપે પાણીની બોટલ.ટીશર્ટ, ટોપી,બેગ,કંપાસ, આઈ કાર્ડ યોગા મેટ પેન, સ્લેટ આપવામાં આવ્યું.-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697